અરજદારશ્રીના લેખિત રજુઆતના મુદ્દા નં.૧,૨,૩ અને ૪ માં જણાવેલ વિગતો અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી અને આસી.સેક્રેટરીશ્રીએ જણાવ્યું કે, અરજદારશ્રીની તા.૬–૯–૨૦૨૧ ના રોજની માહિતી માંગતી અરજી બાબતે શું શું કાર્યવાહી કરી, તેના આંકો, તુમારની નકલો સહિ સિકકા સહિતની આપશોજી" તેવી માહિતી માંગેલ છે. જે બાબતે હકીકત એવી છે કે, અરજદારશ્રીની સ્થાયી સમિતિના ચેરમેનશ્રીને ઉદ્દેશીને કરવામાં આવેલ વિવિધ મુદ્દાઓની રજુઆત ધરાવતી મૂળ અરજી " પી.એ.ટુ અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિએ માનનીય સ્થાયી સમિતિના ચેરમેનશ્રી સમક્ષ રજુ કરેલ છે." ત્યારબાદ સદર અરજી પી.એ. ટુ અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિના તા.૧૬–૬–૨૦૨૨ ના રોજ જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીને પાઠવેલ પત્રમાં જણાવેલ વિગત અનુસાર **"અરજદારશ્રીની તા.૧–૯–૨૦૨૧ ના રોજની અરજી આઉટવર્ડ નં.૭, તા.૧૬–૪–૨૦૨૨ ના રોજ ઝોનલ ચીફશ્રી, સેન્ટ્રલ ઝોનને રવાના કરવામાં આવેલ છે." જેની જાણ અરજદારશ્રીને કરવામાં આવેલ છે.** આમ, અરજદારશ્રીની તા.૬–૯–૨૦૨૧ ના રોજની માહિતી માંગતી અરજી બાબતે શું શું કાર્યવાહી કરી **(તા.૩૦–૩–૨૦૨૨ ની સ્થિતિએ)** તે અંગેની કચેરીના રેકર્ડ પર અસ્તિત્વ ધરાવતી વિગત/માહિતી જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી ધ્વારા તા.૧૧–૪–૨૦૨૨ ના પત્ર નં.આરટીઆઈ/ સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૫૦ થી નમુનો–ગ ધ્વારા અરજદારશ્રીને પાઠવવામાં આવેલ છે. જે સમગ્રયતા ધ્યાને લેતા સેક્રેટરી ઓફિસે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

## હુકમ

"અરજદારશ્રી ફરીદભાઈ અબ્દુલગફુર શેખની તા.૩૦–૩–૨૦૨૨ ની અરજી (આઈ.ડી.૩૧૩૨) થી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ તરફથી નિયત સમયમર્યાદામાં પુરી પડાયેલી હોઈ, પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર યથાયોગ્ય રાખવામાં આવે છે અને સદર અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

OIC

શ. ૨. પટેલ

(શરદચંદ્ર આર.પટેલ)
પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરી
સુરત મહાનગરપાલિકા.

---

નકલ રવાના :–

ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ જાણ તથા અમલ માટે
ન.ર. :– અરજદારશ્રી ફરીદભાઈ અબ્દુલગફુર શેખ પ્રતિ

# સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા

ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩.

ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૧૪.


RIGHT TO INFORMATION

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૨/૧૯
તા.૨૪–૬–૨૦૨૨

**પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૨૨/૯**

**અરજદાર :–**

શ્રી ફરીદ અબ્દુલ ગફુર શેખ

**વિરુધ્ધ**

**સામેવાળા:–** જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષય:** આર.ટી.આઈ. એક્ટ હેઠળ શ્રી ફરીદભાઈ અબ્દુલગફુર શેખની તા.૩૦–૩–૨૦૨૨ ની અરજી આઈ.ડી.નં.૩૧૩૩ અન્વયે સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતે કરવામાં આવેલ પ્રથમ અપીલ.

**સંદર્ભ:** અરજદારશ્રીની તા.૧૧–૦૫–૨૦૨૨ ની પ્રથમ અપીલ અરજી

**વંચાણમાં લીધું :–**

૧. અરજદારશ્રી ફરીદ અબ્દુલગફુર શેખની તા.૩૦–૩–૨૦૨૨ ની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી. નં.૩૧૩૩ (નમુનો–ક)
૨. અરજદારશ્રી ફરીદ અબ્દુલગફુર શેખની તા.૩૦–૩–૨૦૨૨ ના રોજની મા.મેયરશ્રીને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજી(રજુઆત).
૩. એકઝી.આસી. અને જા.મા.અ.શ્રી, નાગરિક સુવિધા કેન્દ્રનો તા.૩૧–૩–૨૦૨૨ નો પત્ર નં.સીસીસી.સીઝેડ/ આર.ટી.આઈ./આઉટ–૩૧૩૩ (નમૂનો–ઘ)
૪. જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રીનો તા.૧૧–૪–૨૨ નો પત્ર નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૫૧ (નમુનો–ગ)
૫. અરજદારશ્રી ફરીદ અબ્દુલગફુર શેખ ધ્વારા તા.૧૧–૫–૨૦૨૨ ના રોજ એપેલેટ ઓથોરીટી અને મ્યુ.સેક્રેટરીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ પ્રથમ અપીલ
૬. એકઝી.આસી. અને જા.મા.અ.શ્રી, નાગરિક સુવિધા કેન્દ્રનો તા.૧૨–૫–૨૦૨૨ નો પત્ર નં.સીસીસી./સી.ઝોન/આઉટ/–૯૪ (નમૂનો–ઘ)
૭. પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીનો તા.૨૬–૫–૨૦૨૨ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૨/૧૩
૮. અરજદારશ્રી ફરીદ અબ્દુલગફુર શેખની તા.૨૭–૫–૨૦૨૨ ના રોજની રજુઆત.
૯. પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીનો તા.૧૪–૬–૨૦૨૨ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૨/૧૪

**ફરીયાદની હકીકત :–**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, અરજદારશ્રી ફરીદ અબ્દુલગફુર શેખ,

। ધ્વારા તા.૬–૯–૨૦૨૧ ના રોજ (૧) મા.મેયરશ્રી, (૨)અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ, (૩) મ્યુનિસિપલ કમિશનરશ્રી સહિત જુદા જુદા કુલ–૯ અધિકારી/પદાધિકારી/વિભાગને સંયુકત રીતે ઉદ્દેશીને, વિવિધ મુદ્દાઓની રજુઆત, એક અરજી ધ્વારા કરવામાં આવેલ.

સદર અરજી અન્વયે કરેલ રજુઆતના અનુસંધાને અરજદારશ્રીએ તા.૩૦–૩–૨૦૨૨ ના રોજ આર.ટી.આઈ. એકટ હેઠળ જાહેર માહિતી અધિકારી, મા.મેયરશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને નમુનો–ક થી " જે અરજી બાબતે શું શું કાર્યવાહી કરી, તેના આંકો, તુમારની નકલો સહિ સિકકા સહિતની આપશોજી" તેવી માહિતી માંગતી અરજી, નાગરિક સુવિધા કેન્દ્ર, મુગલીસર ખાતે કરેલ હતી. જે આઈ.ડી.નં.૩૧૩૩ થી નોંધાયેલ હતી. સદર અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારીશ્રી, નાગરિક સુવિધા કેન્દ્રને મળ્યેથી તેઓએ તા.૩૧–૩–૨૦૨૨ ના પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./ આઉટ–૩૧૩૩ થી જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીને નમુનો–ઘ થી તબદીલ કરેલ હતી. જે અરજીમાં જણાવેલ વિગતો ધ્યાને લઈ, આસી.સેક્રેટરી અને જાહેર માહિતી અધિકારી, સેક્રેટરી ઓફિસ ધ્વારા તા.૫–૪–૨૦૨૨ ના રોજ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૪૩ થી કુલ–૨ વિભાગ (૧)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન તેમજ (૨) જાહેર માહિતી અધિકારીશ્રી, વીજીલન્સ અને ઈન્સ્પે.વિભાગને નમુનો–ઘ થી આંશિક તબદીલ કરેલ હતી.

સેક્રેટરી વિભાગને લાગુ પડતી માહિતી(આંશિક) ધ્યાને લઈ, જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ તા.૭–૪–૨૦૨૨ ના રોજ પી.એ.ટુ મેયરશ્રીને પત્ર પાઠવેલ હતો. જેના અનુસંધાને પાઠવવામાં પ્રત્યુત્તર અન્વયે, જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી ધ્વારા નિયત સમયમર્યાદામાં અરજદારશ્રીને તા.૧૧–૪–૨૦૨૨ ના રોજ પત્ર નં.આરટીઆઈ/સેક્રેટરી/ આઉટ/૨૦૨૨/૫૧ થી કચેરીના રેકર્ડ પર અસ્તિત્વ ધરાવતી માહિતી નમુનો–ગ હેઠળ પુરી પાડવામાં આવેલ છે.

અરજદાર ધ્વારા તા.૧૧–૫–૨૦૨૨ ના રોજ " જાહેર માહિતી અધિકારીશ્રીએ આપેલા પુરાવાઓ અને વિગતો અધુરી છે અને માંગવામાં આવેલ તમામ પુરાવાઓ અને વિગતો હમોને પુરી પાડવામાં આવેલ નથી" વિગેરે અપીલ માટેના કારણો જણાવી એપેલેટ ઓથોરીટી અને મ્યુ.સેક્રેટરીશ્રીને ઉદ્દેશીને નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન ખાતે પ્રથમ અપીલ કરવામાં આવેલ છે. જે નમુનો–ઘ ધ્વારા તા.૧૨–૫–૨૦૨૨ ના પત્ર નં.સી.સી.સી./સી.ઝોન/આઉટ/૯૪ થી સંપૂર્ણ તબદીલ થઈ સેક્રેટરી ઓફિસ ખાતે તા.૧૭–૫–૨૦૨૨ ના રોજ મળેલ છે.

આમ, અરજદારશ્રી અપીલ અન્વયે પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીએ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૨/૧૩ થી તા.૨૭–૫–૨૦૨૨ ના રોજ સવારે ૧૧–૦૦ કલાકે અરજદારશ્રી ફરીદભાઈ અબ્દુલગફુર શેખ અને સામાવાળા જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી,સેક્રેટરી ઓફિસને સુનાવણીમાં રૂબરૂ હાજર રહેવા અને પક્ષ રજુ કરવા જણાવેલ. તા.૨૭–૫–૨૦૨૨ ના રોજ સવારે ૧૧–૦૦ કલાકે રાખવામાં આવેલ સુનાવણીમાં અરજદારશ્રી ફરીદ અબ્દુલગફુર શેખ અને સામાવાળા તરફે જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી એસ.એલ.પટેલ હાજર રહયા હતા.

સુનવણી દરમ્યાન, સામાવાળા જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ કચેરીના રેકર્ડ પર અસ્તિત્વ ધરાવતી માહિતી નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે તેની સાબિતી સહ વિગતો અરજદાર સમક્ષ રજુ કરેલ હતી. અરજદારશ્રીએ સુનવણી દરમ્યાન લેખિત અરજી રજુ કરેલ, જે અન્વયે તેઓએ રજુઆત/દલીલ તૈયાર કરવાની તજવીજ ચાલુ હોવાથી ન્યાયના હિતમાં હજુ એક મુદતથી જરૂર છે તેવું જણાવેલ. પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રી ધ્વારા અરજદારશ્રીની વિનંતી ગ્રાહય રાખવામાં આવેલ હતી. ત્યારબાદ અરજદારશ્રીને ફોન કરીને તા.૯–૬–૨૦૨૨ ના રોજ સુનવણી અર્થે જણાવતા તેઓશ્રીએ જુન–૨૦૨૨ ના ત્રીજા અઠવાડીયામાં રાખવા ફરી વિનંતી કરેલ હતી. જે અન્વયે તા.૧૬–૬–૨૦૨૨ ના રોજ સવારે ૧૧–૩૦ કલાકે અપીલની સુનવણી રાખવામાં આવેલ હતી.

તા.૧૬–૬–૨૦૨૨ ના રોજ સવારે ૧૧–૩૦ કલાકે રાખવામાં આવેલ સુનવણીમાં અરજદારશ્રી ફરીદ અબ્દુલગફુર શેખ અને સામાવાળા તરફે જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી સતીષ એલ.પટેલ હાજર રહયા હતા. સુનવણી દરમ્યાન સામાવાળા જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ અરજદારશ્રીની અરજી અન્વયે સેક્રેટરી ઓફિસના રેકર્ડ પર અસ્તિત્વ ધરાવતી માહિતી નિયત સમયમર્યાદામાં પુરી પાડેલ છે તેની સાબિતી સહ વિગતો અરજદાર સમક્ષ રજુ કરેલ હતી. જે અરજદારશ્રીએ ગ્રાહય રાખેલ છે. વધુમાં અરજદારશ્રીએ લેખિતમાં રજુઆત કરી પોતાનો પક્ષ રજુ કરેલ છે.

અરજદારશ્રીના લેખિત રજુઆતના મુદ્દા નં.૧,૨,૩ અને ૪ માં જણાવેલ વિગતો અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી અને આસી.સેક્રેટરીશ્રીએ જણાવ્યું કે, અરજદારશ્રીની તા.૩૦–૩–૨૦૨૨ ના રોજની માહિતી માંગતી અરજી ધ્વારા " જે અરજી( તા.૬–૯–૨૦૨૧ ની અરજી) બાબતે શું શું કાર્યવાહી કરી, તેના આંકો, તુમારની નકલો સહિ સિકકા સહિતની આપશોજી" બાબતે માહિતી માંગેલ છે. જે બાબતે હકીકત એવી છે કે, અરજદારશ્રીની મા.મેયરશ્રીને ઉદ્દેશીને તા.૬–૯–૨૦૨૧ ના રોજ કરવામાં આવેલ વિવિધ મુદ્દાઓની રજુઆત ધરાવતી મૂળ અરજી મા.મેયરશ્રીની કચેરી ધ્વારા તા.૭–૯–૨૦૨૨ ના રોજ આઉટ વર્ડ નંબરઃ **એમ.પી.સી./૧૦૧૭ ધ્વારા** મ્યુ.કમિશનરશ્રીને મોકલવામાં આવેલ છે. આમ, મા.મેયરશ્રીની કચેરીના રેકર્ડ પર અસ્તિત્વ ધરાવતી વિગત/માહિતી જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી ધ્વારા તા.૧૧–૪–૨૦૨૨ ના પત્ર નં.આરટીઆઈ/સેક્રેટરી/ આઉટ/૨૦૨૨/૫૧ થી નમુનો–ગ ધ્વારા અરજદારશ્રીને પાઠવવામાં આવેલ છે. જે સમગ્રયતા ધ્યાને લેતા સેક્રેટરી ઓફિસે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

**અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, અરજદારશ્રી/સામેવાળાશ્રીએ કરેલ અરજી/રજુઆતો/પુરાવાઓ/દલીલો તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

## હુકમ

"અરજદારશ્રી ફરીદભાઈ અબ્દુલગફુર શેખની તા.૩૦-૩-૨૦૨૨ ની અરજી (આઈ.ડી.૩૧૩૩) થી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ તરફથી નિયત સમયમર્યાદામાં પુરી પડાયેલી હોઈ, પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર યથાયોગ્ય રાખવામાં આવે છે અને સદર અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર-૧૦(એ), ગાંધીનગર-૩૮૨૦૧૦ ખાતે દિન-૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

O/C

(શરદચંદ્ર આર.પટેલ)
પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરી
સુરત મહાનગરપાલિકા.

---

**નકલ રવાના :-**

ન.ર. :- જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ જાણ તથા અમલ માટે
ન.ર. :- અરજદારશ્રી ફરીદભાઈ અબ્દુલગફુર શેખ પ્રતિ

# સેક્રેટરી ઓફિસ, સુરત

ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩.
ફોન નં.ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | | નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૨/૨૦–(એ)<br>તા.૧૩–૭–૨૦૨૨ |

**પ્રથમ અપીલ ક્રમાંકઃ ૨૦૨૨/૧૦**

**અરજદાર :–**
શ્રી તલ્હા ચાંદીવાલા

**વિરુધ્ધ**

**સામેવાળાઃ–** જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષયઃ** આર.ટી.આઈ. એકટ હેઠળ અરજદારશ્રીની તા.૨૯–૩–૨૦૨૨ ની અરજી આઈ.ડી.નં.૩૧૨૯ બાબતે કરવામાં આવેલ પ્રથમ અપીલ

**સંદર્ભઃ** અરજદારશ્રીની તા.૧૪–૬–૨૦૨૨ ની પ્રથમ અપીલ અરજી.

**વંચાણમાં લીધું :–**

૧. શ્રી તલ્હા ચાંદીવાલાની તા.૨૯–૩–૨૦૨૨ ની માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની જા.મા.અ. અને એકિઝ.આસી.એન્ડ મેનેજર નાગરિક સુવિધા કેન્દ્ર(સેન્ટ્રલ ઝોન) સુ.મ.પા.ને ઉદ્દેશીને કરેલ અરજી આઈ.ડી.નં.૩૧૨૯ (નમુનો–ક)

૨. જાહેર માહિતી અધિકારી અને એકિઝ.આસી.એન્ડ મેનેજર નાગરિક સુવિધા કેન્દ્ર(સેન્ટ્રલ ઝોન), નો તા.૩૦–૩–૨૦૨૨ નો પત્ર નં.સી.સી.સી/સેન્ટ્રલ ઝોન/આઉટ/૩૧૨૯ (નમુનો–ઘ)

૩. જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીનો તા.૨૨–૪–૨૦૨૨ નો પત્ર નં. આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૫૮(નમુનો–ગ)

૪. અરજદાર શ્રી તલ્હા ચાંદીવાલાની તા.૧૪–૬–૨૦૨૨ ના રોજની પ્રથમ અપીલ અધિકારી અને ડે.મ્યુ.સેક્રેટરીશ્રી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરાને ઉદ્દેશીને કરેલ પ્રથમ અપીલ અરજી.

૫. પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીનો તા.૦૫–૦૭–૨૦૨૨ નો પત્ર નં. આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૨/૧૦

૬. જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીનો તા.૨૨–૪–૨૦૨૨ નો પત્ર નં. આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૫૮

**ફરીયાદની હકીકત :–**

આ કેસની હકીકત એવા પ્રકારની છે કે, અરજદારશ્રી શ્રી તલ્હા ચાંદીવાલા :

. તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬(૧) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ–૩ (૧) હેઠળ તા.૨૯–૩–૨૦૨૨ ના રોજ જાહેર માહિતી અધિકારી સુરત મહાનગર પાલિકાને ઉદેશીને સે.ઝોન ખાતેના નાગરિક સુવિધા કેન્દ્ર ખાતે માહિતી માંગતી અરજી રજુ કરેલ હતી. જે અરજી આઈ.ડી.નં૩૧૨૯ થી નોંધાવેલ હતી.

જે અરજી જાહેર માહિતી અધિકારી અને એકિઝ.આસી.એન્ડ મેનેજર નાગરિક સુવિધા કેન્દ્ર (સેન્ટ્રલ ઝોન) ધ્વારા તા.૧૭–૬–૨૦૨૨ ના પત્ર નં.સી.સી.સી/સેન્ટ્રલ ઝોન/આઉટ/૧૭૪ (નમુનો–ઘ) થી જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ સહિત કુલ–૭ સંબંધિત વિભાગને એકસાથે તબદીલ કરવામાં આવેલ, જે પૈકી સેક્રેટરી ઓફિસને તા.૩૦–૩–૨૦૨૨ ના રોજ મળેલ હતી.

સદર અરજીના મુદ્દા નં.૧ થી ૧૬ અન્વયે માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ ધ્વારા અરજદારશ્રીને નિયત સમયમર્યાદામાં તા.૨૨–૪–૨૦૨૨ ના રોજ નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૫૮ (નમુનો–ગ) થી પત્ર/જવાબ પાઠવવામાં આવેલ છે.

અરજદારશ્રીએ તા.૨૯–૬–૨૦૨૨ ના રોજ પ્રથમ અપીલ અધિકારી સુરત મહાનગરપાલિકા મુગલીસરા, સુરતને ઉદ્દેશીને અરજી સબંધે માહિતી પુરી ન પાડી વિગેરે રજુઆત કરી કુલ–૯ જાહેર માહિતી અધિકારી, સુરત મહાનગરપાલિકાની વિરુધ્ધમાં પ્રથમ અપીલ અરજી મધ્યસ્થ કચેરી ખાતે દાખલ કરેલ હતી. સદર પ્રથમ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને એકિઝ. આસી. એન્ડ મેનેજર, નાગરિક સુવિધા કેન્દ્ર (સે.ઝોન), સુરત મહાનગરપાલિકા મારફત તેઓના તા.૧૭–૬–૨૦૨૨ ના પત્ર નં.સી.સી.સી/સેન્ટ્રલ ઝોન/આઉટ/૧૭૪ ધ્વારા અત્રેની કચેરી સહિત કુલ ૭ અપીલ અધિકારીશ્રીને તબદીલ કરેલ હતી, જે અત્રેની કચેરીને તા.૧૮–૬–૨૦૨૨ ના રોજ મળેલ હતી.

સદર અપીલ અન્વયે પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીએ તેમના તા.૧૪–૬–૨૦૨૨ ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસનાએ અરજદારશ્રી તલ્હા ચાંદીવાલાની મુળ અરજી આઈ.ડી.૩૧૨૯ (નમુનો–ક)ના સંદર્ભમાં કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો રજુ કરવા જણાવેલ. જેના સંદર્ભમાં જાહેર માહિતી અધિકારીશ્રીએ તેમના તા.૨૨–૪–૨૦૨૨ ના પત્રથી અરજદારશ્રીની મુળ અરજી આઈ.ડી.૩૧૨૯ ના સંદર્ભમાં કરેલ તમામ કાર્યવાહીની વિગતો, જરૂરી કાગળો તથા સઘળા પુરાવાઓ સહ હકીકતલક્ષી માહિતી દર્શાવતો પત્ર પાઠવેલ છે.

જે ધ્યાને લઈ, સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતે પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીશ્રીએ તા.૨૨–૪–૨૦૨૨ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/ આઉટ/૨૦૨૦/૫૮ થી તા.૦૭–૦૭–૨૦૨૨ ના રોજ સવારે ૧૧–૩૦ કલાકે અરજદારશ્રી તેમજ સામાવાળાને અપીલની સુનવણી બાબતે રૂબરૂ હાજર રહેવા જણાવેલ. સુનાવણીમાં અરજદારશ્રી તલ્હા ચાંદીવાલા રૂબરૂ હાજર રહેલ નથી તેમજ અપીલની સુનાવણી વખતે તેમની ગેરહાજરી બાબતે કે અપીલ તબકકે પોતાનો પક્ષ કોઈપણ રીતે રજુ કરેલ નથી. જયારે સામાવાળા પક્ષે જાહેર માહિતી અધિકારી અને આસી. સેક્રેટરીશ્રી, સતીષભાઈ પટેલ નિયત સમયે હાજર રહી સુનાવણી દરમ્યાન પુર્તતા અહેવાલમાં જણાવેલ તમામ વિગતો એપેલેટ ઓથોરીટી સમક્ષ રજુ કરી હતી. ત્યારબાદ અરજદાર એ જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી સાથે પ્રથમ વખત ટેલિફોનીક અને તા.૨૧–૭–૨૦૨૨ ના રોજ રૂબરૂ મળી ચર્ચા કરેલ અને લેખિતમાં પત્રથી જણાવ્યું કે, સદર પ્રથમ અપીલ અરજીના અનુસંધાનમાં મારે સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાની પાસેથી સેક્રેટરી ઓફિસને લાગત માહિતી (અરજીના મુદા નં.૧૦ અને ૧૧ થી માંગેલ આંશિક માહિતી) મેળવવાની રહેતી નથી. જેથી

મારી તા.૨૯-૦૩-૨૦૨૨ (આઈ.ડી.નં.૩૧૨૯) ના સંદર્ભમાં તા.૧૪-૦૬-૨૦૨૨ ના રોજ કરેલ પ્રથમ અપીલ અરજી માત્ર સેક્રેટરી ઓફિસ માટે જ દફતરે કરવા મારી આપશ્રીને વિનંતી છે.

અરજદારશ્રીની મુળ અરજી, પ્રથમ અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, સામેવાળા પક્ષે કરેલ લેખિત તેમજ મૌખિક રજુઆતો વિગેરે સઘળી બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

## હુકમ

"અરજદારશ્રી તલ્હા ચાંદીવાલાની તા.૨૯-૩-૨૦૨૨ ની મુળ અરજી આઈ.ડી.નં.૩૧૨૯ (નમુનો-ક) અન્વયે માંગવામાં આવેલ માહિતી પૈકી સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતે જાહેર માહિતી અધિકારી અને આસી સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ તરફથી તા.૨૨-૪-૨૦૧૯ ના રોજ પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર યથાયોગ્ય રાખવામાં આવે છે તેમજ અદરજદારશ્રી ની તા.૨૧-૭-૨૦૨૨ ના રોજની લેખિત રજુઆત ધ્યાને લેતા અરજદારશ્રીની અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને લાગુ પડતી બાબતે અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

તેમ છતાં, અરજદારશ્રી સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફિસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦ ખાતે સદર હુકમ મળ્યેથી દિન-૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

શ. ર. પટેલ

(શરદચંદ્ર આર.પટેલ)
પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરી
સુરત મહાનગરપાલિકા.

---

**નકલ રવાના :-**
ન.ર. :- જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ જાણ તથા અમલ માટે
ન.ર. :- અરજદારશ્રી તલ્હા ચાંદીવાલા પ્રતિ

**સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા**
ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩.
ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૧૪.

RIGHT TO INFORMATION

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૨/૨૫
તા. ૯ –૮–૨૦૨૨

**પ્રથમ અપીલ ક્રમાંકઃ ૨૦૨૨/૧૧**

**અરજદાર :–**
શ્રી ફરીદ અબ્દુલ ગફુર શેખ

**વિરુધ્ધ**

**સામેવાળા:–** જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષય:** આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી ફરીદભાઈ અબ્દુલગફુર શેખની તા.૧૨–૫–૨૦૨૨ ની અરજી આઈ.ડી.નં.૩૭૧ અન્વયે સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતે કરવામાં આવેલ પ્રથમ અપીલ.

**સંદર્ભ:** અરજદારશ્રીની તા.૦૮–૦૭–૨૦૨૨ ની પ્રથમ અપીલ અરજી

**વંચાણમાં લીધું :–**

૧. અરજદારશ્રી ફરીદ અબ્દુલગફુર શેખની તા.૧૨–૫–૨૦૨૨ ની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી. નં.૩૭૧ (નમુનો–ક)
૨. અરજદારશ્રી ફરીદ અબ્દુલગફુર શેખની તા.૧૩–૯–૨૦૨૧ ના રોજની મા.મેયરશ્રી સહિત કુલ–૪ ને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજી(રજુઆત).
૩. એકઝી.આસી. અને જા.મા.અ.શ્રી, નાગરિક સુવિધા કેન્દ્રનો તા.૧૨–૫–૨૦૨૨ નો પત્ર નં.સીસીસી.સીઝેડ/ આર.ટી.આઈ./આઉટ–૩૭૧ (નમૂનો–ઘ)
૪. જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રીનો તા.૦૧–૬–૨૨ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૬૮ (નમુનો–ગ)
૫. અરજદારશ્રી ફરીદ અબ્દુલગફુર શેખ ધ્વારા તા.૮–૭–૨૦૨૨ ના રોજ એપેલેટ ઓથોરીટી અને મ્યુ.સેક્રેટરીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ પ્રથમ અપીલ
૬. એકઝી.આસી. અને જા.મા.અ.શ્રી, નાગરિક સુવિધા કેન્દ્રનો તા.૧૧–૭–૨૦૨૨ નો પત્ર નં.સીસીસી./સી.ઝોન/આઉટ/–૨૩૪ (નમૂનો–ઘ)
૭. પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીનો તા.૦૨–૮–૨૦૨૨ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૨/૨૩
૮. અરજદારશ્રી ફરીદ અબ્દુલગફુર શેખની તા.૫–૮–૨૦૨૨ ના રોજની રજુઆત.
૯. જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીનો તા.૩–૮–૨૦૨૨ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૯૨

**ફરીયાદની હકીકત :–**

આ કેસની હકીકત એવા પ્રકારની છે કે, આ અરજદાર શ્રી ફરીદભાઈ અબ્દુલગફુરશેખ, ધ્વારા તા.૧૩–૯–૨૦૨૧ ના રોજ (૧) મા.મેયરશ્રી, (૨)સ્ટેન્ડીંગ કમિટિ ચેરમેનશ્રી, (૩)વીજીલન્સ અધિકારીશ્રી અને (૪) આકારણી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને સંયુકત રીતે ઉદ્દેશીને વિવિધ મુદ્દાઓની રજુઆત એક અરજી ધ્વારા કરવામાં આવેલ.

૨..

સદર અરજી અન્વયે કરેલ રજુઆતના અનુસંધાને અરજદારશ્રીએ તા.૧૨–૫–૨૦૨૨ ના રોજ આર.ટી.આઈ. એકટ હેઠળ નમુનો–ક થી "અરજીના પગલે આપની કચેરી તરફથી જે પણ કાર્યવાહી કરેલ હોય તેને લગતા તમામ દસ્તાવેજી પુરાવાઓની તુમાર આપવા વિગેરે" બાબતેની જાહેર માહિતી અધિકારી, મા.મેયરશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને માહિતી માંગતી અરજી, નાગરિક સુવિધા કેન્દ્ર, મુગલીસર ખાતે કરેલ હતી. જે આઈ.ડી.નં.૩૭૧ થી નોંધાયેલ હતી.

સદર અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારીશ્રી, નાગરિક સુવિધા કેન્દ્રને મળ્યેથી તેઓએ તા.૧૨–૫–૨૦૨૨ ના પત્ર નં.સીસીસી.સીઝેડ/ આર.ટી.આઈ./આઉટ–૩૭૧ થી જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી સેક્રેટરી વિભાગ સહિત કુલ–૪ વિભાગને નમુનો–ઘ થી તબદીલ કરેલ હતી.

અરજદારશ્રીની અરજીમાં જણાવેલ વિગત ધ્યાને લઈ, જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ સદર બાબતે તા.૨૦–૫–૨૦૨૨ ના રોજ મા.મેયરશ્રીની કચેરીને પત્ર પાઠવેલ હતો. જેના અનુસંધાને તેઓ ધ્વારા જાહેર માહિતી અધિકારીશ્રીને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હતો. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ નિયત સમયમર્યાદામાં અરજદારશ્રીને તા.૨૭–૫–૨૦૨૨ ના રોજ પત્ર નં.આરટીઆઈ/સેક્રેટરી/ આઉટ/૨૦૨૨/૬૫ થી નમુનો–ખ પાઠવેલ જે અન્વયે અરજદારે દસ્તાવેજોની ફી ભરતા તા.૧–૬–૨૦૨૨ ના રોજ અરજદારશ્રીને માહિતી "નમુનો–ગ" અન્વયે પુરી પાડવામાં આવેલ છે.

અરજદાર ધ્વારા તા.૮–૭–૨૦૨૨ ના રોજ " જાહેર માહિતી અધિકારીશ્રીએ આપેલા પુરાવાઓ અને વિગતો અધુરી છે અને માંગવામાં આવેલ તમામ પુરાવાઓ અને વિગતો હમોને પુરી પાડવામાં આવેલ નથી" વિગેરે અપીલ માટેના કારણો જણાવી એપેલેટ ઓથોરીટી અને મ્યુ.સેક્રેટરીશ્રીને ઉદ્દેશીને નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન ખાતે પ્રથમ અપીલ કરવામાં આવેલ છે. જે નમુનો–ઘ ધ્વારા તા.૧૧–૭–૨૦૨૨ ના પત્ર નં.સી.સી.સી./સી.ઝોન/આઉટ/૨૩૪ થી સંપૂર્ણ તબદીલ થઈસેક્રેટરી ઓફિસ ખાતે તા.૧૩–૭–૨૦૨૨ ના રોજ મળેલ છે.

અરજદારશ્રી અપીલ અન્વયે પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીએ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૨/૨૨ થી તા.૫–૮–૨૦૨૨ ના રોજ બપોરે ૧૧–૩૦ કલાકે અરજદારશ્રી ફરીદભાઈ અબ્દુલગફુર શેખ તેમજ સામાવાળા જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી,સેક્રેટરી ઓફિસને સુનાવણીમાં રૂબરૂ હાજર રહેવા અને પક્ષ રજુ કરવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીશ્રીએ પોતાને પક્ષ રજુ કરેલ તા.૫–૮–૨૦૨૨ ના રોજ સુનાવણીમાં અરજદારશ્રી ફરીદ અબ્દુલગફુર શેખ અને સામાવાળા તરફે જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ હાજર રહયા હતા.

સુનવણી દરમ્યાન સામાવાળા જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ અરજદારશ્રીની અરજી અન્વયે સેક્રેટરી ઓફિસના રેકર્ડ પર અસ્તિત્વ ધરાવતી માહિતી નિયત સમયમર્યાદામાં પુરી પાડેલ છે તેની સાબિતી સહ વિગતો અરજદાર સમક્ષ રજુ કરેલ હતી. જે અરજદારશ્રીએ ગ્રાહય રાખેલ છે. વધુમાં અરજદારશ્રીએ લેખિતમાં રજુઆત કરી પોતાનો પક્ષ રજુ કરેલ છે.

અરજદારશ્રીના લેખિત રજુઆતના મુદ્દા નં.૧ થી ૭ માં જણાવેલ વિગતે જાહેર માહિતી અધિકારીશ્રી અને આસી.સેક્રેટરીશ્રીએ જણાવ્યું કે, અરજદારશ્રીએ તા.૧૨–૫–૨૦૨૨ ના રોજ માહિતી માંગતી અરજી (આઈ.ડી.નં.૩૭૧) થી "**અરજી** (મા.મેયરશ્રીને ઉદ્દેશીને તા.૧૩–૯–૨૦૨૧ ના રોજ કરવામાં આવેલ વિવિધ મુદ્દાઓની રજુઆત ) નાં પગલે આપની (મા.મેયરશ્રી) કચેરી તરફથી જે પણ કાર્યવાહી કરેલ હોય તેને લગતા તમામ દસ્તાવેજી પુરાવોની તુમાર આપવા મહેરબાની કરશોજી" વિ. બાબતે માહિતી માંગેલ છે. જે બાબતે હકીકત એવી છે કે, અરજદારશ્રીની મા.મેયરશ્રીને ઉદ્દેશીને તા.૧૩–૯–૨૦૨૧ ના રોજ કરવામાં આવેલ વિવિધ મુદ્દાઓની રજુઆત ધરાવતી મૂળ અરજી તેમની કચેરી ધ્વારા તા.૧૪–૯–૨૦૨૧ ના રોજ એમપીસી/૧૦૪૯ ધ્વારા મ્યુ.કમિશ્નરશ્રીને રવાના કરવામાં આવેલ છે.

આમ, અરજદારશ્રીએ મા.મેયરશ્રી(આપશ્રી) ધ્વારા આજદિન સુધી શું પગલા લેવામાં આવ્યા તે અંગેની કચેરીના રેકર્ડ પર અસ્તિત્વ ધરાવતી વિગત/માહિતી (આંશિક) જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી ધ્વારા તા.૧–૬–૨૦૨૨ ના પત્ર નં.આરટીઆઈ/સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૬૮ થી નમુનો–ગ ધ્વારા અરજદારશ્રીને પાઠવવામાં આવેલ છે. જે સમગ્રયતા ધ્યાને લેતા સેક્રેટરી ઓફિસે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

**અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, અરજદારશ્રી/સામેવાળાશ્રીએ કરેલ અરજી/રજુઆતો/પુરાવાઓ/દલીલો તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

## હુકમ

**"અરજદારશ્રી ફરીદભાઈ અબ્દુલગફુર શેખની તા.૧૨–૫–૨૦૨૨ ની અરજી (આઈ.ડી.૩૭૧) થી માંગવામાં આવેલ માહિતી પૈકી સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતની માહિતી (આંશિક) જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ તરફથી નિયત સમયમર્યાદામાં પુરી પડાયેલી હોઈ, પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર યથાયોગ્ય રાખવામાં આવે છે અને સદર અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."**

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, ૨ જો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખિતમાં અથવા ગુજરાત માહિતી આયોગની વેબસાઈટ http://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન બીજી અપીલ કરી શકવા સ્વતંત્ર છો.

શ.૨. પટેલ

(શરદચંદ્ર આર.પટેલ)
**પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરી**
**સુરત મહાનગરપાલિકા.**

---

નકલ રવાના :–

ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ જાણ તથા અમલ માટે
ન.ર. :– અરજદારશ્રી ફરીદભાઈ અબ્દુલગફુર શેખ પ્રતિ

સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા
ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩.
ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૧૪.

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૨/૨૬
તા. ૬ –૮–૨૦૨૨

**પ્રથમ અપીલ ક્રમાંકઃ ૨૦૨૨/૧૨**

**અરજદાર :–**
શ્રી ફરીદ અબ્દુલ ગફુર શેખ

**વિરુધ્ધ**

**સામેવાળાઃ–** જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષયઃ** આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી ફરીદભાઈ અબ્દુલગફુર શેખની તા.૧૨–૫–૨૦૨૨ ની અરજી આઈ.ડી.નં.૩૭૨ અન્વયે સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતે કરવામાં આવેલ પ્રથમ અપીલ.

**સંદર્ભઃ** અરજદારશ્રીની તા.૦૮–૦૭–૨૦૨૨ ની પ્રથમ અપીલ અરજી

**વંચાણમાં લીધું :–**

૧. અરજદારશ્રી ફરીદ અબ્દુલગફુર શેખની તા.૧૨–૫–૨૦૨૨ ની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી. નં.૩૭૨(નમુનો–ક)

૨. અરજદારશ્રી ફરીદ અબ્દુલગફુર શેખની તા.૧૩–૯–૨૦૨૧ ના રોજની સ્ટેન્ડીગ કમિટિ ચેરમેનશ્રી સહિત કુલ–૪ ને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજી(રજુઆત).

૩. એકઝી.આસી. અને જા.મા.અ.શ્રી, નાગરિક સુવિધા કેન્દ્રનો તા.૧૨–૫–૨૦૨૨ નો પત્ર નં.સીસીસી.સીઝેડ/ આર.ટી.આઈ./આઉટ–૩૭૨ (નમૂનો–ઘ)

૪. જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રીનો તા.૦૧–૬–૨૨ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૬૯ (નમુનો–ગ)

૫. અરજદારશ્રી ફરીદ અબ્દુલગફુર શેખ ધ્વારા તા.૮–૭–૨૦૨૨ ના રોજ એપેલેટ ઓથોરીટી અને મ્યુ.સેક્રેટરીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ પ્રથમ અપીલ

૬. એકઝી.આસી. અને જા.મા.અ.શ્રી, નાગરિક સુવિધા કેન્દ્રનો તા.૧૧–૭–૨૦૨૨ નો પત્ર નં.સીસીસી./સી.ઝોન/આઉટ/–૨૩૫ (નમૂનો–ઘ)

૭. પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીનો તા.૦૨–૮–૨૦૨૨ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૨/૨૩

૮. અરજદારશ્રી ફરીદ અબ્દુલગફુર શેખની તા.૫–૮–૨૦૨૨ ના રોજની રજુઆત.

૯. જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીનો તા.૩–૮–૨૦૨૨ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૯૩

**ફરીયાદની હકીકત :–**

આ કેસની હકીકત એવા પ્રકારની છે કે, આ અરજદાર શ્રી ફરીદભાઈ અબ્દુલગફુરશેખ, ધ્વારા તા.૧૩–૯–૨૦૨૧ ના રોજ (૧) મા.મેયરશ્રી, (૨)સ્ટેન્ડીગ કમિટિ ચેરમેનશ્રી, (૩)વીજીલન્સ અધિકારીશ્રી અને (૪) આકારણી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને સંયુકત રીતે ઉદ્દેશીને વિવિધ મુદ્દાઓની રજુઆત એક અરજી ધ્વારા કરવામાં આવેલ.

સદર અરજી અન્વયે કરેલ રજુઆતના અનુસંધાને અરજદારશ્રીએ તા.૧૨–૫–૨૦૨૨ ના રોજ આર.ટી.આઈ. એકટ હેઠળ નમુનો–ક થી "અરજીના પગલે આપની કચેરી તરફથી જે પણ કાર્યવાહી કરેલ હોય તેને લગતા તમામ દસ્તાવેજી પુરાવાઓની તુમાર આપવા વિગેરે" બાબતેની જાહેર માહિતી અધિકારી, સ્ટેન્ડીંગ કમિટિ ચેરમેનશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને માહિતી માંગતી અરજી, નાગરિક સુવિધા કેન્દ્ર, મુગલીસર ખાતે કરેલ હતી. જે આઈ.ડી.નં.૩૭૨ થી નોંધાયેલ હતી.

સદર અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારીશ્રી, નાગરિક સુવિધા કેન્દ્રને મળ્યેથી તેઓએ તા.૧૩–૫–૨૦૨૨ ના પત્ર નં.સીસીસી.સીઝેડ/ આર.ટી.આઈ./આઉટ–૩૭૨ થી જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી વિભાગ સહિત કુલ–૪ વિભાગને નમુનો–ઘ થી તબદીલ કરેલ હતી.

અરજદારશ્રીની અરજીમાં જણાવેલ વિગત ધ્યાને લઈ, જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ સદર બાબતે તા.૨૦–૫–૨૦૨૨ ના રોજ અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિની કચેરી વિગેરેને પત્ર પાઠવેલ હતો. જેના અનુસંધાને તેઓ ધ્વારા જાહેર માહિતી અધિકારીશ્રીને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હતો. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ નિયત સમયમર્યાદામાં અરજદારશ્રીને તા.૨૭–૫–૨૦૨૨ ના રોજ પત્ર નં.આરટીઆઈ/સેક્રેટરી/ આઉટ/૨૦૨૨/૬૬ થી નમુનો–ખ પાઠવેલ. જે અન્વયે અરજદારે દસ્તાવેજોની ફી ભરતા તા.૧–૬–૨૦૨૨ ના રોજ અરજદારશ્રીને માહિતી "નમુનો–ગ" અન્વયે પુરી પાડવામાં આવેલ છે.

અરજદાર ધ્વારા તા.૮–૭–૨૦૨૨ ના રોજ " જાહેર માહિતી અધિકારીશ્રીએ આપેલા પુરાવાઓ અને વિગતો અધુરી છે અને માંગવામાં આવેલ તમામ પુરાવાઓ અને વિગતો હમોને પુરી પાડવામાં આવેલ નથી" વિગેરે અપીલ માટેના કારણો જણાવી એપેલેટ ઓથોરીટી અને મ્યુ.સેક્રેટરીશ્રીને ઉદ્દેશીને નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન ખાતે પ્રથમ અપીલ કરવામાં આવેલ છે. જે નમુનો–ઘ ધ્વારા તા.૧૧–૭–૨૦૨૨ ના પત્ર નં.સી.સી.સી./સી.ઝોન/આઉટ/૨૩૫ થી સંપૂર્ણ તબદીલ થઈસેક્રેટરી ઓફિસ ખાતે તા.૧૩–૭–૨૦૨૨ ના રોજ મળેલ છે.

અરજદારશ્રી અપીલ અન્વયે પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીએ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૨/૨૩ થી તા.૫–૮–૨૦૨૨ ના રોજ બપોરે ૧૨–૦૦ કલાકે અરજદારશ્રી ફરીદભાઈ અબ્દુલગફુર શેખ તેમજ સામાવાળા જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી,સેક્રેટરી ઓફિસને સુનાવણીમાં રૂબરૂ હાજર રહેવા અને પક્ષ રજુ કરવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારશ્રીએ પોતાને પક્ષ રજુ કરેલ તા. ૫–૮–૨૦૨૨ ના રોજ સુનાવણીમાં અરજદારશ્રી ફરીદ અબ્દુલગફુર શેખ અને સામાવાળા તરફે જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ હાજર રહયા હતા.

સુનવણી દરમ્યાન સામાવાળા જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ અરજદારશ્રીની અરજી અન્વયે સેક્રેટરી ઓફિસના રેકર્ડ પર અસ્તિત્વ ધરાવતી માહિતી નિયત સમયમર્યાદામાં પુરી પાડેલ છે તેની સાબિતી સહ વિગતો અરજદાર સમક્ષ રજુ કરેલ હતી. જે અરજદારશ્રીએ ગ્રાહય રાખેલ છે. વધુમાં અરજદારશ્રીએ લેખિતમાં રજુઆત કરી પોતાનો પક્ષ રજુ કરેલ છે.

અરજદારશ્રીના લેખિત રજુઆતના મુદ્દા નં.૧ થી ૭ માં જણાવેલ વિગતે જાહેર માહિતી અધિકારીશ્રી અને આસી.સેક્રેટરીશ્રી જણાવ્યું કે, અરજદારશ્રીએ તા.૧૨–૫–૨૦૨૨ ના રોજ માહિતી માંગતી અરજી (આઈ.ડી.નં.૩૭૨) થી "**અરજી** (સ્ટેન્ડીંગ કમિટિ ચેરમેનશ્રીને ઉદ્દેશીને તા.૧૩–૯–૨૦૨૧ ના રોજ કરવામાં આવેલ વિવિધ મુદ્દાઓની રજુઆત ) નાં પગલે આપની (સ્ટેન્ડીંગ કમિટિ ચેરમેનશ્રી) કચેરી તરફથી જે પણ કાર્યવાહી કરેલ હોય તેને લગતા તમામ દસ્તાવેજી પુરાવોની તુમાર આપવા મહેરબાની કરશોજી" વિ. બાબતે માહિતી માંગેલ છે. જે બાબતે હકીકત એવી છે કે, અરજદારશ્રીની સ્ટેન્ડીંગ કમિટિ ચેરમેનશ્રીને ઉદ્દેશીને તા.૧૩–૯–૨૦૨૧ ના રોજ કરવામાં આવેલ વિવિધ મુદ્દાઓની રજુઆત ધરાવતી મૂળ અરજી તેમની કચેરી ધ્વારા તા.૧૬–૪–૨૦૨૨ ના રોજ આઉટ વર્ડ નંબરઃ **૬ ધ્વારા** ઝોનલ ચીફશ્રી, સેન્ટ્રલ ઝોનને રવાના કરવામાં આવેલ છે.

આમ, અરજદારશ્રીએ સ્ટેન્ડીંગ કમિટિ ચેરમેનશ્રી(આપશ્રી) ધ્વારા આજદિન સુધી શું પગલા લેવામાં આવ્યા તે અંગેની કચેરીના રેકર્ડ પર અસ્તિત્વ ધરાવતી વિગત/માહિતી (આંશિક) જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી ધ્વારા તા.૧–૬–૨૦૨૨ ના પત્ર નં.આરટીઆઈ/સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૬૯ થી નમુનો–ગ ધ્વારા અરજદારશ્રીને પાઠવવામાં આવેલ છે. જે સમગ્રયતા ધ્યાને લેતા સેક્રેટરી ઓફિસે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

**અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, અરજદારશ્રી/સામેવાળાશ્રીએ કરેલ અરજી/રજુઆતો/પુરાવાઓ/દલીલો તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

## હુકમ

**"અરજદારશ્રી ફરીદભાઈ અબ્દુલગફુર શેખની તા.૧૨–૫–૨૦૨૨ ની અરજી (આઈ.ડી.૩૭૨) થી માંગવામાં આવેલ માહિતી પૈકી સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતની માહિતી (આંશિક) જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ તરફથી નિયત સમયમર્યાદામાં પુરી પડાયેલી હોઈ, પાઠવવામાં આવેલ પ્રત્યુતર યથાયોગ્ય રાખવામાં આવે છે અને સદર અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."**

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, ૨ જો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખિતમાં અથવા ગુજરાત માહિતી આયોગની વેબસાઈટ http://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન બીજી અપીલ કરી શકવા સ્વતંત્ર છો.

શ. ર. પટેલ

(શરદચંદ્ર આર.પટેલ)
પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરી
સુરત મહાનગરપાલિકા.

---

નકલ રવાના :–

ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ જાણ તથા અમલ માટે
ન.ર. :– અરજદારશ્રી ફરીદભાઈ અબ્દુલગફુર શેખ પ્રતિ

સેક્રેટરી ઓફિસ, સુરત
ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩.
ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૧૪, ૪૨૪, ૨૮૮

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૨/૨૮
તા.૨૦–૮–૨૦૨૨

**પ્રથમ અપીલ ક્રમાંકઃ ૨૦૨૨/૧૩**

**અરજદાર :–**
શ્રી હેમંત એન.દેસાઈ,

**વિરુધ્ધ**

**સામેવાળાઃ**– જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષયઃ** આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૧૬–૬–૨૦૨૨ ની અરજી આઈ.ડી.નં.૬૯૧ અન્વયે સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતે કરવામાં આવેલ પ્રથમ અપીલ.

**સંદર્ભઃ** અરજદારશ્રીની તા.૨૧–૦૭–૨૦૨૨ ની પ્રથમ અપીલ અરજી

**વંચાણમાં લીધું :–**

૧. અરજદાર શ્રી હેમંત એન. દેસાઈની તા.૧૬–૬–૨૦૨૨ ની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી. નં.૬૯૧ (નમુનો–ક)
૨. એકઝી.આસી. અને જા.મા.અ.શ્રી, નાગરિક સુવિધા કેન્દ્રનો તા.૧૭–૬–૨૦૨૨ નો પત્ર નં.સીસીસી.સીઝેડ/ આર.ટી.આઈ./આઉટ–૬૯૧ (નમૂનો–ઘ)
૩. જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રીનો તા.૨૭–૬–૨૦૨૨ નો પત્ર નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૭૪ (નમુનો–ગ)
૪. અરજદાર શ્રી હેમંત એન. દેસાઈ ધ્વારા તા.૨૧–૭–૨૦૨૨ ના રોજ અપીલ અધિકારી મ્યુ.સેક્રેટરીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ પ્રથમ અપીલ
૫. એકઝી.આસી. અને જા.મા.અ.શ્રી, નાગરિક સુવિધા કેન્દ્રનો તા.૨૨–૭–૨૦૨૨ નો પત્ર નં.સીસીસી./સી.ઝોન/આઉટ/–૨૬૧ (નમૂનો–ઘ)
૬. પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીનો તા.૧૨–૮–૨૦૨૨ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૨/૨૪

**ફરીયાદની હકીકત :–**

આ કેસની હકીકત એવા પ્રકારની છે કે, આ અરજદાર શ્રી હેમંત એન. દેસાઈ, તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬(૧) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ–૩ (૧) હેઠળ તા.૧૬–૦૬–૨૦૨૨ ના રોજ જાહેર માહિતી અધિકારી (૧) સેક્રેટરી વિભાગ અને (૨) ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ, મધ્યસ્થ કચેરીને ઉદ્દેશીને માહિતી માંગતી અરજી રજુ કરેલ હતી.

સદર અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારીશ્રી, નાગરિક સુવિધા કેન્દ્રને મળ્યેથી તેઓએ તા.૧૭–૬–૨૦૨૨ ના પત્ર નં.સીસીસી.સીઝેડ/ આર.ટી.આઈ./ આઉટ–૬૯૧ થી જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રટરી વિભાગ સહિત કુલ–૩ વિભાગને નમુનો–ઘ થી તબદીલ કરેલ હતી.

અરજદારશ્રીની અરજીમાં જણાવેલ વિગત ધ્યાને લઈ, જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ નિયત સમયમર્યાદામાં અરજદારશ્રીને તા.૨૭–૬–૨૦૨૨ ના પત્ર નં.આરટીઆઈ/સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૭૪ થી નમુનો–ગ માં માહિતી આપવામાં આવેલ છે.

અરજદાર ધ્વારા તા.૨૧–૭–૨૦૨૨ ના રોજ " માહિતી અધુરી પુરી પાડવામાં આવેલ છે તેમજ ખોટી માહિતી પુરી પાડેલ છે." વિગેરે અપીલ માટેના કારણો જણાવી પ્રથમ અપીલ અધિકારીશ્રી અને મ્યુ.સેક્રેટરીશ્રીને ઉદ્દેશીને નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન ખાતે પ્રથમ અપીલ કરવામાં આવેલ છે. જે નમુનો–ઘ ધ્વારા તા.૨૨–૭–૨૦૨૨ ના પત્ર નં.સી.સી.સી./સી.ઝોન/આઉટ/૨૬૧ થી સેક્રેટરી ઓફિસ ખાતે મળેલ છે.

અરજદારશ્રીની અપીલ અન્વયે પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીએ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૨/૨૪ થી તા.૧૭–૮–૨૦૨૨ ના રોજ સવારે ૧૧–૩૦ કલાકે અરજદાર શ્રી હેમંત એન. દેસાઈ તેમજ સામાવાળા જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસને સુનાવણીમાં રૂબરૂ હાજર રહેવા અને પક્ષ રજુ કરવા જણાવેલ. સદર સુનાવણીમાં અરજદાર શ્રી હેમંત એન. દેસાઈ અને સામાવાળા તરફે શ્રી એસ.એલ.પટેલ, જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ હાજર રહયા હતા.

સુનાવણી દરમ્યાન સામાવાળા જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ અરજદારશ્રીની અરજી અન્વયે સેક્રેટરી ઓફિસના રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી નિયત સમયમર્યાદામાં પુરી પાડેલ છે તેની સાબિતી સહ વિગતો અરજદાર સમક્ષ રજુ કરેલ હતી.અરજદારશ્રીએ જણાવ્યું કે, માંગવામાં આવેલ માહિતી અન્વયેની ઠરાવની મૂળ ફાઈલ કમિશનરશ્રીને રવાના કરવામાં આવેલ છે. તે કઈ તારીખે અને કયા આઉટવર્ડ નંબરથી તે જણાવો.

જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ જણાવ્યું કે, સેક્રેટરી ઓફિસની કાર્ય પધ્ધતિ મુજબ મિટિંગમા એજન્ડાના કામો (ફાઈલ) અન્વયે લેવાયેલ નિર્ણયને આધારે તૈયાર કરવામાં આવેલ ઠરાવ મ્યુ.સેક્રેટરીની સહી થયા બાદ તે કામો (ફાઈલ) ના ઠરાવ નંબરને આઉટવર્ડ નંબર તરીકે ટપાલ બુક (પ્યુન બુક) માં નોંધણી કરી મ્યુ.કમિશનરશ્રીની કચેરી(સેન્ટ્રલ ઓફિસ) માં ઠરાવ સહિતની મૂળ ફાઈલ મોકલવામાં આવે છે. અત્રે માંગવામાં આવેલ માહિતીમાં જણાવેલ વિગતેનો ઠરાવ સને ૨૦૦૩ માં થયેલ છે. સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોન/ખાતામાં રેકર્ડના A,B,C,D,E મુજબ વર્ગીકરણ કરવા અંગે એસ.એમ.સી રૂલ્સ–૧૯૬૫ થી નિયમો ઠરાવેલ છે.

જે મુજબ સદર ઠરાવ નંબર ધરાવની ટપાલ બુક નિયમ મુજબ– 'ઈ' કેટેગરીમાં આવે છે. જેનો નાશ કરી દેવામાં આવેલ હોય તે રેકર્ડની માહિતી આપી શકાય તેમ નથી. પરંતુ રેકર્ડનો જે હુકમથી નાશ કરવામાં આવ્યો છે તે હુકમની નકલ ઉપલબ્ધ છે. જે મુજબ તા.૩–૧૨–૨૦૧૨ ના પત્ર નં. એમ.એસ.સી/૧૩૮ થી નાશ કરવા અર્થે રેકર્ડ કીપરશ્રી (પ્રેસ) પ્રતિ ઉકત હુકમ મોકલેલ છે. જેની નકલ અરજદારશ્રીને બતાવવામાં આવેલ છે. સદર નકલ/પુરાવા અરજદારશ્રીએ માન્ય રાખેલ છે. જે સમગ્રયતા હકીકત ધ્યાને લેતા સેક્રેટરી ઓફિસે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

**અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, અરજદારશ્રી/સામેવાળાશ્રીએ કરેલ અરજી/રજુઆતો/પુરાવાઓ/દલીલો તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

## હુકમ

**"અરજદારશ્રી હેમંત એન. દેસાઈની તા.૧૬–૬–૨૦૨૨ ની અરજી (આઈ.ડી.૬૯૧) થી માંગવામાં આવેલ માહિતી (આંશિક) જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ તરફથી નિયત સમયમર્યાદામાં પુરી પડાયેલી હોઈ, પાઠવવામાં આવેલ પ્રર્ત્યુતર યથાયોગ્ય રાખવામાં આવે છે અને સદર અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."**

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, ૨ જો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખિતમાં અથવા ગુજરાત માહિતી આયોગની વેબસાઈટ http://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન બીજી અપીલ કરી શકવા સ્વતંત્ર છે.

શ. ર. પટેલ

**(શરદચંદ્ર આર.પટેલ)**
**પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરી**
**સુરત મહાનગરપાલિકા.**

---

નકલ રવાના :–
ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ જાણ તથા અમલ માટે.
ન.ર. :– અરજદારશ્રી હેમંત એન. દેસાઈ પ્રતિ

## સેક્રેટરી ઓફિસ, સુરત

ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩.
ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૧૪, ૪૨૪, ૨૮૮

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૨/૨૮
તા.૫–૯–૨૦૨૨

**<u>પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૨૨/૧૪</u>**

**<u>અરજદાર :–</u>**

**શ્રી દિપક પટેલ**

**<u>વિરુધ્ધ</u>**

**<u>સામેવાળા</u>:–** જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ, સુરત.

**<u>વિષય</u>:** આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી દિપક પટેલની તા.૨૪–૬–૨૦૨૨ ની અરજી આઈ.ડી.નં.૪૩૪ અન્વયે સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતે કરવામાં આવેલ પ્રથમ અપીલ.

**<u>સંદર્ભ</u>:** અરજદારશ્રીની તા.૬–૦૮–૨૦૨૨ ની પ્રથમ અપીલ અરજી

**<u>વંચાણમાં લીધું :–</u>**

૧. અરજદાર શ્રી દિપક પટેલની તા.૨૪–૬–૨૦૨૨ ની માહિતિનો અધિકાર અધિનિયમ– ૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી. નં.૪૩૪ (નમુનો–ક)
૨. એકઝી.આસી. અને જા.મા.અ.શ્રી, નાગરિક સુવિધા કેન્દ્રનો તા.૬–૮–૨૦૨૨ નો પત્ર નં.સીસીસી.સીઝોન/આઉટ–૩૫૭ (નમૂનો–ધ)
૩. જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રીનો તા.૧૧–૭–૨૦૨૨ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૮૪ (નમુનો–ધ)
૪. અરજદાર શ્રી દિપક પટેલ ધ્વારા તા.૨૪–૬–૨૦૨૨ ના રોજ અપીલ અધિકારી મ્યુ.સેક્રેટરીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ પ્રથમ અપીલ
૫. પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીનો તા.૨૯–૮–૨૦૨૨ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૨/૨૭

**<u>ફરીયાદની હકીકત :–</u>**

આ કેસની હકીકત એવા પ્રકારની છે કે, આ અરજદાર શ્રી દિપક પટેલ, તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬(૧) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ–૩(૧) હેઠળ તા.૨૪–૦૬–૨૦૨૨ ના રોજ જાહેર માહિતી અધિકારીને ઉદેશીને સાઉથ ઝોન ખાતે માહિતી માંગતી અરજી રજુ કરેલ હતી.

સદર અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી ઉધના ઝોન ધ્વારા તા.૨૮–૬–૨૦૨૨ ના પત્ર નં.સે.ઝોન/ટેક/૮૧૪ થી જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રટરી વિભાગ સહિત કુલ–૮૦ વિભાગને નમુનો–ઘ થી એકીસાથે તબદીલ કરેલ હતી. જે સેક્રેટરી ઓફિસ ખાતે તા.૧–૭–૨૦૨૨ ના રોજ મળેલ છે.

જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી ધ્વારા તા.૧૧–૭–૨૦૨૨ ના પત્ર નં.આરટીઆઈ/સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૮૪ થી નમુનો–ઘ ધ્વારા અરજી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસ આર.સી.પી.એસ.સેલને સંપૂર્ણ તબદીલ કરેલ છે.

...૨...

અરજદાર ધ્વારા સદર પત્રના અનુસંધાને તા.૬–૮–૨૦૨૨ ના રોજ અમોને અમારી મૂળ અરજીની સાચી માહિતી, પ્રમાણીત પત્રોથી મુદાસર માહિતી ના મળવાને કારણે થયેલા નુકશાન સામે આ પ્રથમ અપીલ કરી છે. એવું જણાવી તા.૦૬–૦૬–૨૦૨૨ ના રોજ પ્રથમ અપીલ અધિકારીશ્રી અને મ્યુ.સેક્રેટરીશ્રીને ઉદ્દેશીને નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન ખાતે પ્રથમ અપીલ કરવામાં આવેલ છે. જે સેક્રેટરી ઓફિસ ખાતે તા.૬–૮–૨૦૨૨ ના રોજ મળેલ છે.

પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીએ તા.૨૯–૮–૨૦૨૨ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/ આઉટ/૨૦૨૨/૨૭ થી તા.૧–૯–૨૦૨૨ ના રોજ સવારે ૧૧–૩૦ કલાકે અરજદારશ્રી દિપક પટેલ અને સામાવાળા જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી એસ.એલ.પટેલને અપીલની સુનવણી બાબતે રૂબરૂ હાજર રહેવા અને પક્ષકાર રજુ કરવા જણાવેલ. તા.૧–૯–૨૦૨૨ ના રોજ સુનાવણીમાં અરજદારશ્રી દિપક પટેલ રૂબરૂ હાજર રહેલ નથી તેમજ અપીલની સુનાવણી વખતે તેમની ગેરહાજરી બાબતે કે અપીલ તબકકે પોતાનો પક્ષ કોઈપણ રીતે રજુ કરેલ નથી. જયારે સામાવાળા પક્ષે જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, નિયત સમયે હાજર રહી સુનાવણી દરમ્યાન જણાવ્યું કે અરજદારશ્રીની મુળ અરજીના સંદર્ભમાં સેક્રેટરી ઓફિસના ઉપલબ્ધ રેકર્ડની વિગતો ધ્યાને લઈ અરજદારશ્રીને માહિતી મળે એ હેતુસર તા.૧૧–૭–૨૨ ના રોજ નમૂનો–ઘ થી અરજી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, આર.પી.સી.એસ.સેલ, સુરત મહાનગરપાલિકા અને જણાવ્યું કે, સેક્રેટરી ઓફિસ તરફે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય જેથી અપીલ અરજી દફતરે કરવા વિનંતી.

અરજદારશ્રીની મુળ અરજી, પ્રથમ અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, સામેવાળા પક્ષે કરેલ લેખિત તેમજ મૌખિક રજુઆતો વિગેરે સઘળી બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

## હુકમ

**"અરજદારશ્રી દિપક પટેલની તા.૨૪–૬–૨૦૨૨ ની મુળ અરજી આઈ.ડી.નં.૪૩૪ (નમુનો–ક) અન્વયે માંગવામાં આવેલ માહિતી પૈકી સેક્રેટરી ઓફિસને ઉપલબ્ધ રેકર્ડ આધારિત વિગતો ધ્યાને લઈ જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ તરફથી તા.૧૧–૭–૨૦૨૨ ના રોજ પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર યથાયોગ્ય રાખવામાં આવે છે અને અરજદારશ્રીની અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને લાગુ પડતી બાબતે અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."**

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, ૨ જો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખિતમાં અથવા ગુજરાત માહિતી આયોગની વેબસાઈટ http://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન બીજી અપીલ કરી શકવા સ્વતંત્ર છો.

(શરદચંદ્ર આર.પટેલ)
પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરી
સુરત મહાનગરપાલિકા.

---

**નકલ રવાના :–**

ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ જાણ તથા અમલ માટે
ન.ર. :– અરજદારશ્રી દિપક પટેલ પ્રતિ

# સેક્રેટરી ઓફિસ, સુરત

ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત- ૩૯૫૦૦૩.
ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૧૪, ૪૨૪, ૨૮૮


નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૨/ ૩૨
તા.૨૮-૧૦-૨૦૨૨

**પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૨૨/૧૫**

અરજદાર :-
શ્રી તલ્હા ચાંદીવાલા,

**વિરુધ્ધ**

**સામેવાળા:-** જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષય:** આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી તલ્હા ચાંદીવાલાની તા.૨૨-૦૭-૨૦૨૨ ની અરજી આઈ.ડી.નં.૯૫૦ અન્વયે સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતે કરવામાં આવેલ પ્રથમ અપીલ.

**સંદર્ભ:** અરજદારશ્રીની તા.૨૦-૦૯-૨૦૨૨ ની પ્રથમ અપીલ અરજી

**વંચાણમાં લીધું :-**

૧. અરજદાર શ્રી તલ્હા ચાંદીવાલાની તા.૨૨-૦૭-૨૦૨૨ ની માહિતિનો અધિકાર અધિનિયમ- ૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી. નં.૯૫૦ (નમુનો-ક)

૨. એકઝી.આસી. અને જા.મા.અ.શ્રી, નાગરિક સુવિધા કેન્દ્રનો તા.૨૭-૦૭-૨૦૨૨ નો પત્ર નં.સીસીસી.સીઝેડ/ આર.ટી.આઈ./આઉટ-૯૫૦ (નમૂનો-ઘ)

૩. જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રીનો તા.૦૪-૦૮-૨૦૨૨ નો પત્ર નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૯૪

૪. આસી.સેક્રેટરીશ્રીનો તા.૧૮-૦૮-૨૦૨૨ નો પત્ર નં.એમએસસી./ઈએસટી/૧૨૦ (બિડાણ સહિત)

૫. જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રીનો તા.૧૮-૦૮-૨૦૨૨ નો પત્ર નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૧૦૪ (નમૂનો-ખ)

૬. અરજદારશ્રી તલ્હા ચાંદીવાલાનો નિરીક્ષણ માંગવા બાબતનો તા.૨૪-૦૮-૨૦૨૨ નો પત્ર.

૭. જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રીનો તા.૨૫-૦૮-૨૦૨૨ નો પત્ર નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૧૧૩ (નિરીક્ષણ માટે હાજર રહેવા બાબતનો પત્ર)

૮. જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રીનો તા.૦૧-૦૯-૨૦૨૨ નો પત્ર નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૧૧૫ (નમૂનો-ખ)

૯. જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રીનો તા.૦૬-૦૯-૨૦૨૨ નો પત્ર નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૧૧૮ (નમૂનો-ગ)

૧૦. અરજદાર શ્રી તલ્હા ચાંદીવાલા ધ્વારા તા.૨૦-૦૯-૨૦૨૨ ના રોજ અપીલ અધિકારી પર્સોનલ ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ, મ્યુ.સેક્રેટરીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી.

૧૧. એકઝી.આસી. અને જા.મા.અ.શ્રી, નાગરિક સુવિધા કેન્દ્રનો તા.૨૧-૦૯-૨૦૨૨ નો પત્ર નં.સીસીસી./સી.ઝોન/આઉટ/-૫૩૭ (નમૂનો-ઘ)

૧૨. પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીનો તા.૦૬-૧૦-૨૦૨૨ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૨/૩૦

<u>ફરીયાદની હકીકત :-</u>

આ કેસની હકીકત એવા પ્રકારની છે કે, આ અરજદાર શ્રી તલ્હા ચાંદીવાલા, તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૬(૧) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ-૩ હેઠળ તા.૨૨-૦૭-૨૦૨૨ ના રોજ જાહેર માહિતી અધિકારી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતને ઉદ્દેશીને માહિતી માંગતી અરજી રજુ કરેલ હતી.

સદર અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારીશ્રી, નાગરિક સુવિધા કેન્દ્રને મળ્યેથી તેઓએ તા.૨૭-૦૭-૨૦૨૨ ના પત્ર નં.સીસીસી.સીઝેડ/ આર.ટી.આઈ./ આઉટ-૯૫૦ થી જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રટરી વિભાગ સહિત પ્રથમ શ્રેણી કલાર્કશ્રી, મધ્યસ્થ કચેરી, પર્સોનલ ઓફિસરશ્રી-તમામ ઝોન, સેકશન ઓફિસરશ્રી-મધ્યસ્થ મહેકમ અને રેકર્ડ ખાતાને નમુનો-ઘ થી તબદીલ કરેલ હતી.

અરજદારશ્રીની અરજીમાં જણાવેલ વિગત ધ્યાને લઈ, જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ તા.૧૮-૦૮-૨૦૨૨ ના રોજ અરજદારશ્રીને નિયત સમયમર્યાદામાં "નમુનો-ખ" થી માહિતી મેળવવા માટે જરૂરી ફી ભરવા અંગેનો પત્ર પાઠવેલ હતો. સદર પત્રના અનુસંધાનમાં અરજદારશ્રીએ તા.૨૪-૦૮-૨૦૨૨ ના રોજ જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીને ઉદ્દેશીને નમુનો-ખ માં દર્શાવેલ ફી અંગેની માહિતીનું નિરીક્ષણ કરવા બાબતની વિનંતી કરતો પત્ર પાઠવેલ હતો. સદર પત્રને ધ્યાને લઈ, જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ તા.૨૫-૦૮-૨૦૨૨ ના રોજ અરજદારશ્રીને પત્ર પાઠવી તા.૨૬-૦૮-૨૦૨૨ ના રોજ નમુનો-ખ માં દર્શાવેલ ફી ના સંદર્ભની માહિતીનું નિરીક્ષણ કરવા બાબતનો પત્ર પાઠવેલ હતો.

સદર નિરીક્ષણ કરવા બાબતેના પત્રના સંદર્ભમાં અરજદારશ્રી તા.૨૬-૮-૨૦૨૨ ના રોજ સેક્રેટરી ઓફિસમાં રૂબરૂ હાજર રહી શકયા ન હતા. જેથી અરજદારશ્રીને માહિતી પુરી પાડવાના શુધ્ધ આશયથી જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને હાજર રહેવા તેઓએ તેમની અરજીમાં દર્શાવેલ મોબાઈલ નંબર **"૮૮૬૬૬૮૮૫૭૯"** ઉપર ફોન કરીને હાજર ન રહેવા અંગે સ્પષ્ટતા માંગેલ હતી, જેના સંદર્ભમાં અરજદારશ્રીએ તેઓની અનુકુળતા મુજબ તા.૨૯-૮-૨૦૨૨ ના રોજ બપોરે ૧૨-૦૦ કલાકે હાજર રહી નિરીક્ષણ કરવાની માંગણી કરેલ હતી. અરજદારશ્રીએ અત્રેની કચેરીના જાહેર માહિતી અધિકારીશ્રીને ટેલિફોનિક વાતચીત દરમ્યાન નિરીક્ષણ કરવા અંગેની તેમની માંગણીને સ્વીકારીને અરજદારશ્રીને તા.૨૯-૮-૨૦૨૨ ના રોજ બપોરે ૧૨-૦૦ કલાકે નિરીક્ષણ આપવાની મંજુરી આપવામાં આવેલ હતી.

તા.૨૯-૮-૨૦૨૨ ના રોજ અરદારશ્રી સમયસર સેક્રેટરી ઓફિસમાં રૂબરૂ હાજર રહેલ હતા અને સેક્રેટરી ઓફિસને લાગત આંશિક માહિતી અન્વયે પાઠવેલ જરૂરી ફી ભરવા અંગેનો પત્ર (નમુનો-ખ) મુજબ પાના નંગ-૫૧ **(અરજીના મુદ્દા નં.૮, ૯, ૧૨, ૧૬ અને ૧૭ થી માંગેલ માહિતી)** નું નિરીક્ષણ અરજદારશ્રીને આપવામાં આવેલ હતું. સદર નિરીક્ષણ દરમ્યાન અરજદારશ્રીને સેક્રેટરી ઓફિસને લાગત તેમજ સેક્રેટરી ઓફિસને લાગત ન હોય તે તમામ મુદ્દા (મુદ્દા નં.૧ થી ૧૭) ની મુદ્દાસર

વિષયવાર અને વિગતવાર માહિતી આપી તમામ સ્પષ્ટતા કરવામાં આવેલ હતી અને સદર નિરીક્ષણ દરમ્યાન અરજદારશ્રી તરફથી પણ પૂરતી સમજ સાથે સહકાર મળેલ હતો. સદર માહિતી (પાના નંગ-૫૧) ના નિરીક્ષણના અંતે અરજદારશ્રીએ સેક્રેટરી ઓફિસને લાગત માહિતીના પાના નંગ-૫૧ માંથી માત્ર પાના નંગ-૧૮ મેળવવા માટેની માંગણી કરતી વિનંતી કરેલ હતી. જેથી અરજદારશ્રીની વિનંતીને ધ્યાને લઈ સેક્રેટરી ઓફિસના ઉપલબ્ધ રેકર્ડ આધારિત માહિતી અને દસ્તાવેજો માટે અરજદારશ્રીને તા.૦૧-૦૯-૨૦૨૨ ના રોજ જરૂરી ફી ભરવા અંગેનો પત્ર પાઠવેલ હતો. સદર પત્રના સંદર્ભમાં અરજદારશ્રીએ જરૂરી ફી ભરપાઈ કર્યા બાદ જાહેર માહિતી અધિકારીશ્રીએ સત્વરે તા.૦૬-૦૯-૨૦૨૨ ના રોજ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૧૧૮ (નમુનો-ગ) થી સેક્રેટરી ઓફિસને લાગત અરજદારશ્રીએ નિરીક્ષણ દરમ્યાન ચકાસણી કરેલ અને માંગણી કરેલ માહિતી પુરી પાડેલ હતી.

અરજદાર ધ્વારા તા.૨૦-૦૯-૨૦૨૨ ના રોજ " બદશય પૂર્વક માહિતી છુપાવેલ છે, આજદિન સુધી કોઈપણ માહિતી આપેલ નથી તેમજ માહિતીના જવાબો ન આપી ગેરમાર્ગે દોરવામાં આવી રહયા છે" વિગેરે અપીલ માટેના કારણો જણાવી પ્રથમ અપીલ અધિકારીશ્રી- પર્સોનલ ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગ તેમજ મ્યુ.સેક્રેટરીશ્રીને ઉદ્દેશીને નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન ખાતે પ્રથમ અપીલ કરવામાં આવેલ છે. જે નમુનો-ઘ ધ્વારા તા.૨૧-૦૯-૨૦૨૨ ના પત્ર નં.સી.સી.સી./સી.ઝોન/આઉટ/૫૩૭ થી સેક્રેટરી ઓફિસ ખાતે મળેલ છે.

અરજદારશ્રીની અપીલ અન્વયે પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીએ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૨/૩૦ થી તા.૦૭-૧૦-૨૦૨૨ ના રોજ સવારે ૧૧-૩૦ કલાકે અરજદારશ્રી તલ્હા ચાંદીવાલા તેમજ સામાવાળા જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસને સુનાવણીમાં રૂબરૂ હાજર રહેવા અને પક્ષ રજુ કરવા જણાવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી તલ્હા ચાંદીવાલા હાજર રહયા ન હતા. જેથી પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીએ અરજદારશ્રીને તેઓના અરજીમાં દર્શાવેલ મોબાઈલ નંબર ઉપર ફોન કરીને તેઓને સુનાવણીમાં હાજર ન રહેવા બાબતે કારણ પુછેલ હતું અને અરજદારશ્રીને તેઓની અનુકુળતા મુજબ તા.૧૩-૧૦-૨૦૨૨ ના રોજ સુનાવણીમાં હાજર રહેવા જણાવતા તા.૧૩-૧૦-૨૦૨૨ ના રોજ અરજદારશ્રી તલ્હા ચાંદીવાલા અને સામાવાળા તરફે શ્રી એસ.એલ.પટેલ, જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ હાજર રહયા હતા.

સુનાવણી દરમ્યાન સામાવાળા જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ અરજદારશ્રીની અરજી અન્વયે સેક્રેટરી ઓફિસના રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી નિયત સમયમર્યાદામાં પુરી પાડેલ છે તેની સાબિતી સહ વિગતો અરજદાર સમક્ષ રજુ કરેલ હતી.અરજદારશ્રીએ જણાવ્યું કે, માંગવામાં આવેલ માહિતી અન્વયેની અરજીથી માંગેલ તમામ માહિતીની મુદ્દાસર વિગતવાર ચર્ચા કરી અત્રેની સેક્રેટરી ઓફિસને લાગત અરજીના મુદ્દાઓ અંગે અરજદારશ્રીને અત્રેની કચેરીની કામગીરી અને માહિતીથી માહિતગાર કરીને તમામ માર્ગદર્શન પુરું પાડી અત્રેની કચેરીના પારદર્શક વહીવટીનું ઉદાહરણ પુરું પાડેલ છે.

અરજદારશ્રી તલ્હા ચાંદીવાલા તરફથી રજુઆત કરવામાં આવેલ કે, મુદ્દા નં.૧૧ માં જણાવ્યા મુજબ માહિતી મળેલ નથી. જેથી કરીને તમામ માહિતી આર.ટી.આઈ. એકટની કલમ–૭(૬) હેઠળ દિન–૭ માં આપવા હુકમ કરશો. આ સંદર્ભમાં જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ જણાવ્યું કે, અરજદારશ્રીએ તેઓની મુળ અરજીમાં દર્શાવેલ વિવિધ મુદ્દાઓના સંદર્ભમાં સેક્રેટરી ઓફિસને લાગત માહિતી પુરી પાડવામાં આવેલ છે.

જે સમગ્રતયા હકીકત ધ્યાને લેતા સેક્રેટરી ઓફિસે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

**અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, અરજદારશ્રી/સામેવાળાશ્રીએ કરેલ અરજી/રજુઆતો/પુરાવાઓ/દલીલો તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

## હુકમ

**"અરજદારશ્રી તલ્હા ચાંદીવાલાની તા.૨૨–૦૭–૨૦૨૨ ની અરજી (આઈ.ડી.૯૫૦) થી માંગવામાં આવેલ માહિતી (આંશિક) જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ તરફથી નિયત સમયમર્યાદામાં પુરી પડાયેલી હોઈ, તે માહિતી યથાયોગ્ય રાખવામાં આવે છે અને સદર અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."**

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજ્ય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, ૨ જો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખિતમાં અથવા ગુજરાત માહિતી આયોગની વેબસાઈટ http://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન બીજી અપીલ કરી શકવા સ્વતંત્ર છો.

૨૧.૨.૫૨૭

**(શરદચંદ્ર આર.પટેલ)**
**પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરી**
**સુરત મહાનગરપાલિકા.**

---

નકલ રવાના :–
ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ જાણ તથા અમલ માટે.
ન.ર. :– અરજદારશ્રી તલ્હા ચાંદીવાલા પ્રતિ

# સેક્રેટરી ઓફિસ, સુરત

ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩.
ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૧૪, ૪૨૪, ૨૮૮


નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૨/ 33
તા.૨૮–૧૦–૨૦૨૨

**પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૨૨/૧૬**

અરજદાર :–
શ્રી તલ્હા ચાંદીવાલા,

**વિરુધ્ધ**

**સામેવાળા:**– જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષય:** આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી તલ્હા ચાંદીવાલાની તા.૦૫–૦૮–૨૦૨૨ ની અરજી આઈ.ડી.નં.૧૦૫૫ અન્વયે સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતે કરવામાં આવેલ પ્રથમ અપીલ.

**સંદર્ભ:** અરજદારશ્રીની તા.૨૦–૦૯–૨૦૨૨ ની પ્રથમ અપીલ અરજી

**વંચાણમાં લીધું :–**

૧. અરજદાર શ્રી તલ્હા ચાંદીવાલાની તા.૦૫–૦૮–૨૦૨૨ ની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી. નં.૧૦૫૫ (નમુનો–ક)

૨. એકઝી.આસી. અને જા.મા.અ.શ્રી, નાગરિક સુવિધા કેન્દ્રનો તા.૧૨–૦૮–૨૦૨૨ નો પત્ર નં.સીસીસી.સીઝેડ/ આર.ટી.આઈ./આઉટ–૧૦૫૫ (નમૂનો–ઘ)

૩. જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રીનો તા.૨૩–૦૮–૨૦૨૨ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૧૦૯

૪. આસી.સેક્રેટરીશ્રીનો તા.૩૦–૦૮–૨૦૨૨ નો પત્ર નં.એમએસસી./ઈએસટી/૧૨૭ (બિડાણ સહિત)

૫. જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રીનો તા.૦૧–૦૯–૨૦૨૨ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૧૧૬ (નિરીક્ષણ માટે હાજર રહેવા બાબતનો પત્ર)

૬. અરજદારશ્રી તલ્હા ચાંદીવાલાનો નિરીક્ષણ દરમ્યાન રોજકામમાં માહિતી માંગવા બાબતનું હાજરી પત્રક.

૭. જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રીનો તા.૦૮–૦૯–૨૦૨૨ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૧૨૪ (આસી.સેક્રેટરીશ્રી (એસ્ટા.) ને પાઠવેલ પત્ર)

૮. આસી.સેક્રેટરીશ્રીનો તા.૧૪–૦૯–૨૦૨૨ નો પત્ર નં.એમએસસી./ઈએસટી/૧૩૯

૯. જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રીનો તા.૧૪–૦૯–૨૦૨૨ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૧૨૭ (નમૂનો–ખ)

૧૦. જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રીનો તા.૧૬–૦૯–૨૦૨૨ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૧૩૧ (નમૂનો–ગ)

૧૧. અરજદાર શ્રી તલ્હા ચાંદીવાલા ધ્વારા તા.૨૦–૦૯–૨૦૨૨ ના રોજ પ્રથમ અપીલ અધિકારી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત ઉદ્દેશીને કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી.

૧૨. એકઝી.આસી. અને જા.મા.અ.શ્રી, નાગરિક સુવિધા કેન્દ્રનો તા.૨૧–૦૯–૨૦૨૨ નો પત્ર નં.સીસીસી./સી.ઝોન/આઉટ/–૫૩૮ (નમૂનો–ઘ)

૧૩. પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીનો તા.૦૬–૧૦–૨૦૨૨ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૨/૩૦

**ફરીયાદની હકીકત :-**

આ કેસની હકીકત એવા પ્રકારની છે કે, આ અરજદાર શ્રી તલ્હા ચાંદીવાલા, તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૬(૧) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ-૩ હેઠળ તા.૦૫-૦૮-૨૦૨૨ ના રોજ જાહેર માહિતી અધિકારી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતને ઉદ્દેશીને માહિતી માંગતી અરજી રજુ કરેલ હતી.

સદર અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારીશ્રી, નાગરિક સુવિધા કેન્દ્રને મળ્યેથી તેઓએ તા.૧૨-૦૮-૨૦૨૨ ના પત્ર નં.સીસીસી.સીઝેડ/ આર.ટી.આઈ./ આઉટ-૧૦૫૫ થી જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી વિભાગ સહિત પ્રથમ શ્રેણી કલાર્કશ્રી-મધ્યસ્થ કચેરી અને રેકર્ડ ખાતુ, સેકશન ઓફિસરશ્રી-મધ્યસ્થ મહેકમ, પર્સોનલ ઓફિસરશ્રી-તમામ ઝોનને નમુનો-ઘ થી તબદીલ કરેલ હતી.

અરજદારશ્રીની અરજીમાં જણાવેલ વિગત ધ્યાને લઈ, જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ તા.૨૩-૦૮-૨૦૨૨ ના રોજ આસી.સેક્રેટરીશ્રીને સેક્રેટરી ઓફિસને લાગત માહિતી મેળવવા પત્ર લખેલ હતો. જેના સંદર્ભમાં આસી.સેક્રેટરીશ્રીએ તેમના તા.૩૦-૦૮-૨૦૨૨ ના પત્રથી સેક્રેટરી ઓફિસને લાગત અરજીના મુદ્દા નં.૬, ૭ અને ૯, ૧૦ ની દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી પુરી પાડેલ હતી. સદર માહિતીના સંદર્ભમાં જાહેર માહિતી અધિકારીશ્રીએ સેક્રેટરી ઓફિસના આસી.સેક્રેટરીશ્રી (એસ્ટા.) એ પુરી પાડેલ માહિતીનું નિરીક્ષણ કરવા બાબતે અરજદારશ્રીને તા.૦૧-૦૯-૨૦૨૨ ના રોજ પત્ર પાઠવી તા.૦૩-૦૯-૨૦૨૨ ના રોજ અત્રેની કચેરીમાં રૂબરૂ હાજર રહી સેક્રેટરી ઓફિસના આસી.સેક્રેટરીશ્રીએ પુરી પાડેલ માહિતીનું નિરીક્ષણ કરવા બાબતનો પત્ર પાઠવેલ હતો.

સદર પત્રના અનુસંધાનમાં અરજદારશ્રી તા.૦૩-૦૯-૨૦૨૨ ના રોજ સેક્રેટરી ઓફિસમાં હાજર રહી માહિતીનું નિરીક્ષણ કરેલ હતું. નિરીક્ષણ દરમ્યાન અરજદારશ્રીએ હાજરી પત્રકમાં રોજકામમાં અરજીના સંદર્ભમાં સેક્રેટરી ઓફિસને લાગત વિવિધ માહિતીની લેખિતમાં માંગણી કરેલ હતી. જેના સંદર્ભમાં જાહેર માહિતી અધિકારીશ્રીએ સેક્રેટરી ઓફિસના આસી.સેક્રેટરીશ્રી (એસ્ટા.) ને તા.૦૮-૦૯-૨૦૨૨ ના રોજ પત્ર પાઠવી અરજદારશ્રીએ રોજકામમાં લેખિતમાં માંગણી કરેલ સેક્રેટરી ઓફિસને લાગત માહિતીની માંગણી કરતો પત્ર પાઠવેલ હતો. સદર પત્રના અનુસંધાનમાં આસી.સેક્રેટરીશ્રી (એસ્ટા.) એ તેઓના તા.૧૪-૦૯-૨૦૨૨ ના પત્રથી જણાવેલ હતું કે, "આપવામાં આવેલ માહિતી સેક્રેટરી ઓફિસના એસ્ટાબ્લીશમેન્ટ વિભાગમાં ઉપલબ્ધ રેકર્ડ આધારિત જ હોવાથી આપશ્રીને પુરી પાડવામાં આવેલ માહિતી યથાયોગ્ય છે" એમ જણાવેલ હતું. જેથી જાહેર માહિતી અધિકારીશ્રીએ તા.૧૪-૦૯-૨૦૨૨ ના રોજ સેક્રેટરી ઓફિસના ઉપલબ્ધ રેકર્ડ આધારિત માહિતી અને દસ્તાવેજો માટે અરજદારશ્રીને જરૂરી ફી ભરવા અંગેનો પત્ર (નમુનો-ખ) પાઠવેલ હતો. સદર પત્રના સંદર્ભમાં અરજદારશ્રીએ જરૂરી ફી ભરપાઈ કર્યા બાદ જાહેર માહિતી અધિકારીશ્રીએ સત્વરે તા.૧૬-૦૯-૨૦૨૨ ના રોજ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૧૩૧ (નમુનો-ગ) થી સેક્રેટરી ઓફિસને લાગત અરજદારશ્રીએ નિરીક્ષણ દરમ્યાન ચકાસણી કરેલ માહિતી પુરી પાડેલ હતી.

અરજદારશ્રી ધ્વારા તા.૨૦–૦૯–૨૦૨૨ ના રોજ "બદઈરાદા પૂર્વક માહિતી છુપાવેલ છે, આજદિન સુધી કોઈપણ માહિતી આપેલ નથી તેમજ માહિતીના જવાબો ન આપી ગેરમાર્ગે દોરવામાં આવી રહયા છે" વિગેરે અપીલ માટેના કારણો જણાવી પ્રથમ અપીલ અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતને ઉદ્દેશીને નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન ખાતે પ્રથમ અપીલ કરવામાં આવેલ છે. જે જાહેર માહિતી અધિકારી અને એકઝી.આસી. એન્ડ મેનેજરશ્રી, નાગરિક સુવિધા કેન્દ્ર (સેન્ટ્રલ ઝોન), સુ.મ.પા. મારફત નમુનો–ઘ ધ્વારા તા.૨૧–૦૯–૨૦૨૨ ના પત્ર નં.સી.સી.સી./સી.ઝોન/આઉટ/૫૩૮ થી સેક્રેટરી ઓફિસ ખાતે તા.૨૨–૦૯–૨૦૨૨ ના રોજ મળેલ છે.

અરજદારશ્રીની અપીલ અન્વયે પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીએ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૨/૩૦ થી તા.૦૭–૧૦–૨૦૨૨ ના રોજ સવારે ૧૧–૩૦ કલાકે અરજદારશ્રી તલ્હા ચાંદીવાલા તેમજ સામાવાળા જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસને સુનાવણીમાં રૂબરૂ હાજર રહેવા અને પક્ષ રજુ કરવા જણાવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી તલ્હા ચાંદીવાલા હાજર રહયા ન હતા. જેથી પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીએ અરજદારશ્રીને તેઓના અરજીમાં દર્શાવેલ મોબાઈલ નંબર ઉપર ફોન કરીને તેઓને સુનાવણીમાં હાજર ન રહેવા બાબતે કારણ પુછેલ હતું અને અરજદારશ્રીને તેઓની અનુકુળતા મુજબ તા.૧૩–૧૦–૨૦૨૨ ના રોજ સુનાવણીમાં હાજર રહેવા જણાવતા તા.૧૩–૧૦–૨૦૨૨ ના રોજ અરજદારશ્રી તલ્હા ચાંદીવાલા અને સામાવાળા તરફે શ્રી એસ.એલ.પટેલ, જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ હાજર રહયા હતા.

સુનાવણી દરમ્યાન સામાવાળા જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ અરજદારશ્રીની અરજી અન્વયે સેક્રેટરી ઓફિસના રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી નિયત સમયમર્યાદામાં પુરી પાડેલ છે તેની સાબિતી સહ વિગતો અરજદાર સમક્ષ રજુ કરેલ હતી. અરજદારશ્રીએ જણાવ્યું કે, માંગવામાં આવેલ માહિતી અન્વયેની અરજીથી માંગેલ તમામ માહિતીની મુદ્દાસર વિગતવાર ચર્ચા કરી અત્રેની સેક્રેટરી ઓફિસને લાગત અરજીના મુદ્દાઓ અંગે અરજદારશ્રીને અત્રેની કચેરીની કામગીરી અને માહિતીથી માહિતગાર કરીને તમામ માર્ગદર્શન પુરું પાડી અત્રેની કચેરીના પારદર્શક વહીવટીનું ઉદાહરણ પુરું પાડેલ છે.

અરજદારશ્રી તલ્હા ચાંદીવાલા તરફથી સુનાવણી દરમ્યાન હાજરી પત્રકના રોજકામમાં લેખિતમાં રજુઆત કરવામાં આવેલ કે, સ્પષ્ટ માહિતી આપેલ નથી, અધૂરી માહિતી આપેલ છે, ઓર્ડર નં.૧૮૦, તા.૨૧–૧૦–૨૦૦૮ ની નકલ પણ આપેલ નથી એ પ્રકારની વિવિધ રજુઆતો કરેલ હતી. આ સંદર્ભમાં જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ જણાવ્યું કે, અરજદારશ્રીએ તેઓની મુળ અરજીમાં વિવિધ મુદ્દાઓના સંદર્ભમાં જે માહિતી માંગેલ છે તે જ માહિતી સેક્રેટરી ઓફિસના આસી.સેક્રેટરીશ્રી (એસ્ટા.) ધ્વારા સેક્રેટરી ઓફિસના ઉપલબ્ધ રેકર્ડ આધારિત પુરી પાડવામાં આવેલ તે જ માહિતી અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ છે. જેથી અન્ય કોઈ માહિતી અરજદારશ્રીને પુરી પાડવાની રહેતી નથી.

ઉપરોક્ત સમગ્રતયા હકીકત ધ્યાને લેતા સેક્રેટરી ઓફિસે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, અરજદારશ્રી/સામેવાળાશ્રીએ કરેલ અરજી/રજુઆતો/પુરાવાઓ/દલીલો તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

## હુકમ

**"અરજદારશ્રી તલ્હા ચાંદીવાલાની તા.૦૫-૦૮-૨૦૨૨ ની અરજી (આઈ.ડી.૧૦૫૫) થી માંગવામાં આવેલ માહિતી (આંશિક) જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ તરફથી નિયત સમયમર્યાદામાં પુરી પડાયેલી હોય, તે માહિતી યથાયોગ્ય રાખવામાં આવે છે અને સદર અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."**

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, ૨ જો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર-૧૦(એ), ગાંધીનગર-૩૮૨૦૧૦ ને લેખિતમાં અથવા ગુજરાત માહિતી આયોગની વેબસાઈટ http://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન બીજી અપીલ કરી શકવા સ્વતંત્ર છો.

શ.આ.પટેલ

**(શરદચંદ્ર આર.પટેલ)**
**પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરી**
**સુરત મહાનગરપાલિકા.**

---

**નકલ રવાના :-**

ન.ર. :- જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ જાણ તથા અમલ માટે.
ન.ર. :- અરજદારશ્રી તલ્હા ચાંદીવાલા પ્રતિ

સેક્રેટરી ઓફિસ, સુરત
ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત-૩૯૫૦૦૩.
ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૧૪, ૪૨૪, ૨૮૮

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૨/૩૪
તા.૨૨-૧૧-૨૦૨૨

**પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૨૨/૧૯**

અરજદાર :-
શ્રી આશિષ દલપતભાઈ મોદી,

**વિરુધ્ધ**

**સામેવાળા:**- જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષય:** આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી આશીષ દલપતભાઈ મોદીની તા.૭-૦૯-૨૦૨૨ ની અરજી આઈ.ડી.નં.૩૨૯ અન્વયે સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતે કરવામાં આવેલ પ્રથમ અરજી.

**સંદર્ભ:** અરજદારશ્રીની તા.૪-૧૦-૨૦૨૨ ની પ્રથમ અપીલ અરજી

**વંચાણમાં લીધું :-**

૧. જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રીનો તા.૩-૧૦-૨૦૨૨ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૧૩૮

૨. જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રીનો તા.૧૮-૧૦-૨૦૨૨ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૧૪૭

**ફરીયાદની હકીકત :-**

આ કેસની હકીકત એવા પ્રકારની છે કે, આ અરજદાર શ્રી આશીષ દલપતભાઈ મોદી તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૬(૧) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ-૩ હેઠળ તા.૭-૦૯-૨૦૨૨ ના રોજ સેક્રેટરી વિભાગ, સુરતને ઉદ્દેશીને માહિતી માંગતી અરજી રજુ કરેલ હતી.

સદર અરજી મદદનીશ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી ટેકનીકલ વિભાગ સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનને મળ્યેથી તેઓએ તા.૧૪-૦૯-૨૦૨૨ ના પત્ર નં.સા.વે.(અઠવા) ઝોન/આરટીઆઈ/આ. ૭૨૩ થી જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રટરી વિભાગને નમુનો-ઘ થી તબદીલ કરેલ હતી.

અરજદારશ્રીની અરજીમાં જણાવેલ વિગત ધ્યાને લઈ, જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ તા.૩-૧૦-૨૦૨૨ ના રોજ અરજદારશ્રીને તેઓએ માંગેલ માહિતી બાબતે સ્પષ્ટતા કરવા તા.૪-૧૦-૨૦૨૨ ના રોજ સવારે ૧૧-૩૦ કલાકે સેક્રેટરી ઓફિસમાં રૂબરૂ હાજર રહેવા માટે પત્ર પાઠવેલ હતો. સદર પત્રના અનુસંધાનમાં અરજદારશ્રી તા.૪-૧૦-૨૦૨૨ ના રોજ નિયત સમયે હાજર રહેલ. જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી ધ્વારા અરજદારશ્રીને અત્રેની કચેરીના ઉપલબ્ધ રેકર્ડ, વિગેરે જરૂરી બાબતે અવગત કરાવી અરજદારશ્રી સાથે ચર્ચા વિચારણા કરેલ ત્યારબાદ

અરજદારશ્રી ફરીથી તા.૧૫–૧૦–૨૦૨૨ ના રોજ સેક્રેટરી ઓફિસને RTI ના કામકાજ હેઠળ આવેલ હતા અને જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી સાથે સદર બાબતે પુખ્ત ચર્ચા વિચારણા કરેલ હતી અને જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી ધ્વારા પ્રો–એકટીવ ડીસ્કલોઝર હેઠળ સેક્રેટરી ઓફિસની માહિતી કોમ્પ્યુટર વેબસાઈટ ઉપર બતાવી સદર રેકર્ડ સુધી પહોંચવાનો માર્ગ પુરો પાડયો છે અને યોગ્ય હોય તેવી સુગમ સહાય પુરી પાડેલ છે. અરજદારશ્રીની સદર માહિતી પ્રો–એકટીવ ડીસ્કલોઝરની કક્ષામાં આવતી હોય જે અરજદારશ્રી ધ્વારા SMC ની વેબસાઈટ પર Online મળી શકે તેમ હોવાથી સેક્રેટરી ઓફિસને લગતી માહિતી " **પૂર્વ સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન ભીમજીભાઈ પટેલના કાર્યકાળ દરમિયાન જે તે સમયના આસી.લો ઓફિસર તરીકે ફરજ બજાવતા જયેશભાઈ ગાંધીને, લીંબાયત ઝોનના આસી.લો ઓફિસર અને એપેલેટ અધિકારી સામે કરવામાં આવેલી ઠરાવ ની નકલ.** " પુરતું જ આ અરજી તેમજ અપીલ દફતરે કરવા અરજદારશ્રીએ વિનંતી કરેલ છે.

ઉકત સમગ્રયતા હકીકત તથા અરજદારશ્રીની અપીલ અરજી દફતરે કરવાની વિનંતી ધ્યાને લેતા સેક્રેટરી ઓફિસે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

## હુકમ

**"અરજદારશ્રી આશિષ દલપતભાઈ મોદીની તા.૭–૯–૨૦૨૨ ની અરજી (આઈ.ડી.૩૨૯) થી માંગવામાં આવેલ માહિતી (આંશિક) જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ તરફથી તા.૧૮–૧૦–૨૦૨૨ ના રોજ નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૧૪૭ થી નમુનો–ગ અરજદારશ્રીને પાઠવેલ હોય તેમજ અરજદારશ્રી તરફથી અપીલ દફતરે કરવા વિનંતી કરેલ હોય, સદર અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."**

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, ૨ જો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખિતમાં અથવા ગુજરાત માહિતી આયોગની વેબસાઈટ http://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન બીજી અપીલ કરી શકવા સ્વતંત્ર છે.

૨૧.૨.૫૦૨૯

**(શરદચંદ્ર આર.પટેલ)**
**પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરી**
**સુરત મહાનગરપાલિકા.**

---

<u>નકલ રવાના :–</u>
ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ જાણ તથા અમલ માટે.
ન.ર. :– અરજદારશ્રી આશિષ દલપતભાઈ મોદી પ્રતિ

સેક્રેટરી ઓફિસ, સુરત
ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩.
ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૧૪, ૪૨૪, ૨૮૮

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૨/૩૬
તા.૧૪–૧૨–૨૦૨૨

**પ્રથમ અપીલ ક્રમાંકઃ ૨૦૨૨/૧૯**

અરજદાર :–
શ્રી મુકેશભાઈ બી. પટેલ,

**વિરુધ્ધ**

**સામેવાળા:**– જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષયઃ** આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી મુકેશભાઈ બી. પટેલની તા.૧૭–૧૦–૨૦૨૨ ની અરજી આઈ.ડી.નં.૧૬૬૨ અન્વયે સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતે કરવામાં આવેલ પ્રથમ અરજી.

**સંદર્ભઃ** અરજદારશ્રીની તા.૨૪–૧૧–૨૦૨૨ ની પ્રથમ અપીલ અરજી

**વંચાણમાં લીધું :–**

૧. જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રીનો તા.૫–૧૧–૨૦૨૨ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૧૫૪
૨. જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રીનો તા.૧૨–૧૧–૨૦૨૨ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૧૫૫
૩. જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રીનો તા.૧૮–૧૧–૨૦૨૨ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૧૫૭
૪. અરજદાર શ્રી મુકેશભાઈ બી. પટેલ ધ્વારા તા.૨૪–૧૧–૨૦૨૨ ના રોજ પ્રથમ અપીલ અધિકારી, ડે.સેક્રેટરીશ્રી સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત ઉદ્દેશીને કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી.
૫. જા.મા.અ.શ્રી અને એકઝી.આસી. એન્ડ મેનેજર નાગરિક સુવિધા કેન્દ્ર (સે.ઝોન) નો તા.૨૫–૧૧–૨૦૨૨ નો પત્ર નં.સીસીસી./સી.ઝોન/આઉટ/–૭૧૬ (નમૂનો–ઘ)
૬. પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીનો તા.૦૬–૧૨–૨૦૨૨ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૨/૩૫

**ફરીયાદની હકીકત :–**

આ કેસની હકીકત એવા પ્રકારની છે કે, આ અરજદાર શ્રી મુકેશભાઈ બી. પટેલ તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬(૧) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ–૩ હેઠળ તા.૧૭–૧૦–૨૦૨૨ ના રોજ મ્યુ.કમિશનરશ્રી સુરત મહાનગરપાલિકા અને સેક્રેટરીશ્રી, સેક્રેટરી વિભાગ, સુરત મહાનગરપાલિકા સુરતને ઉદ્દેશીને માહિતી માંગતી અરજી રજુ કરેલ હતી.

સદર અરજી એકસી.આસી. અને જાહેર માહિતી અધિકારીશ્રી નાગરીક સુવિધા કેન્દ્રને મળ્યેથી તેઓએ તા.૧૯–૧૦–૨૦૨૨ ના પત્ર નં.સીસીસી./સી.ઝોન/આઉટ/–૧૬૬૨ થી જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રટરી વિભાગને નમુનો–ઘ થી તબદીલ કરેલ હતી.

અરજદારશ્રીની અરજીમાં જણાવેલ વિગત ધ્યાને લઈ, જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ તા.૫–૧૧–૨૦૨૨ ના રોજ અરજદારશ્રીને તેઓએ માંગેલ માહિતી બાબતે સ્પષ્ટતા/નિરિક્ષણ કરવા અર્થે તા.૧૦–૧૧–૨૦૨૨ ના રોજ સવારે ૧૧–૩૦ કલાકે સેક્રેટરી ઓફિસમાં રૂબરૂ હાજર રહેવા માટે પત્ર પાઠવેલ હતો. અરજદારશ્રી તા.૧૦–૧૧–૨૦૨૨ ના રોજ રૂબરૂ હાજર ન રહેતા જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ તા.૧૨–૧૦–૨૦૨૨ ના રોજ અરજદારશ્રીને વધુ એક તક આપી તેઓએ માંગેલ માહિતી બાબતે સ્પષ્ટતા/નિરિક્ષણ કરવા અર્થે તા.૧૪–૧૧–૨૦૨૨ ના રોજ સવારે ૧૧–૩૦ કલાકે સેક્રેટરી ઓફિસમાં રૂબરૂ હાજર રહેવા માટે ફરી પત્ર પાઠવેલ હતો. અરજદારશ્રી તા.૧૪–૧૧–૨૦૨૨ ના રોજ પણ રૂબરૂ હાજર ન રહેતા જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ તા.૧૮–૧૧–૨૦૨૨ ના રોજ સેક્રેટરી ઓફિસને લાગુ પડતા મુદ્દા નં. ૧ (આંશિક) બાબતે માહિતી માંગતી અરજી દફતરે કરવાનો પત્ર અરજદારશ્રીને પાઠવેલ હતો.

ત્યાર બાદ અરજદારશ્રીએ તા. ૨૪–૧૧–૨૦૨૨ ના રોજ પ્રથમ અપીલ અધિકાર અને ડે.સેક્રેટરીશ્રીને પ્રથમ અપીલ કરી હતી. સદર અપીલના અનુસંધાનમાં પ્રથમ અપીલ અધિકારી અને ડે. સેક્રેટરશ્રીએ તા.૬–૧૨–૨૦૨૨ ના પત્ર થી અરજદારશ્રી તેમજ જાહેર માહિતી અધિકાર અને આસી.સેક્રેટરીશ્રીને તા. ૧૨–૧૨–૨૦૨૨ ના રોજ સવારે ૧૧–૩૦ કલાકે સેક્રેટરીશ્રી ઓફિસ ખાતે અપીલની સુનાવણી બાબતે હાજર રહેવા જણાવેલ.

તા.૧૨–૧૨–૨૦૨૨ ના રોજ અરજદારશ્રી તેમજ જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી હાજર રહયા હતા ત્યારે અરજદારશ્રીએ માંગેલ માહિતી આપવાનું જણાવતા જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ જણાવ્યું કે સેક્રેટરી વિભાગના કાર્યક્ષેત્ર હેઠળના એજન્ડા–ઠરાવના રેકર્ડ (ઓફિસ કોપી) ની નિભાવણી જે તે વર્ષ પ્રમાણે–ઠરાવ ક્રમાંક પ્રમાણે ક્રમાનુસાર કરવામાં આવે છે. સદર રેકર્ડની નિભાવણી જુદી જુદી બાબતેના વિષય/ખાતા/વિભાગ પ્રમાણે અલગ–અલગ થી કરવામાં આવતા નથી. અરજદારશ્રીને તેઓની અરજીથી માંગેલ માહિતી અંગે સ્પષ્ટતા/નિરિક્ષણ કરવા અર્થે બે વખત પત્ર પાઠવીને રૂબરૂ બોલાવેલ હતા. પરંતુ અરજદારશ્રી હાજર રહયા ન હતા જેથી અરદારશ્રીએ માંગેલ માહિતીની સ્પષ્ટતા થઈ ન હોવાથી તેઓની અરજી દફતરે કરવામાં આવેલ છે.

સુનાવણી દરમ્યાન અરજદારશ્રીએ માંગેલ માહિતીનો ઠરાવ નંબર આપેલ અને જણાવ્યુ કે આટલી માહિતી મને ટેલીફોન કરીને પણ આપી શકાય એમ હતું પરંતુ જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરશ્રીએ મને સ્પષ્ટતા/નિરીક્ષણ માટે રૂબરૂ બોલાવેલ જે યોગ્ય નથી. એમ જણાવેલ હતું.

અરજદારશ્રીએ માંગેલ માહિતીના ઠરાવ નંબરની વિગતો જણાવતા તુરંત જ જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરશ્રીએ અરજદારશ્રીને રૂબરૂમાં તેઓએ માંગેલ માહિતીની નકલ પાઠવી આપતા માંગેલ માહિતીની નકલ અરજદારશ્રીને તા.૧૨–૧૨–૨૦૨૨ ના રોજ રૂબરૂ માં જ મળી ગયેલ હોય અને સેક્રેટરી વિભાગને લાગત જે માહિતી મળેલ ન હતી તે ખામી દુર થયેલ હતી એમ અરજદારશ્રીએ જણાવી સંતોષ વ્યકત કરીને આઈ.ડી.નં.૧૬૬૨ ની અરજી દફતરે કરવા વિનંતી કરેલ.

ઉકત સમગ્રતયા હકીકત તથા અરજદારશ્રીની અપીલ અરજી દફતરે કરવાની વિનંતી ધ્યાને લેતા સેક્રેટરી ઓફિસએ વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

## હુકમ

**"અરજદારશ્રી મુકેશભાઈ પટેલની તા.૧૭–૧૦–૨૦૨૨ ની અરજી (આઈ.ડી.૧૬૬૨) થી માંગવામાં આવેલ સેક્રેટરી ઓફિસને લાગત માહિતી (આંશિક) જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ તરફથી તા.૧૨–૧૨–૨૦૨૨ ના રોજ અરજદારશ્રીને રૂબરૂ પાઠવેલ હોય તેમજ અરજદારશ્રી તરફથી અપીલ દફતરે કરવા વિનંતી કરેલ હોય, સદર અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."**

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, ૨ જો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખિતમાં અથવા ગુજરાત માહિતી આયોગની વેબસાઈટ http://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન બીજી અપીલ કરી શકવા સ્વતંત્ર છો.

શ.ર.પટેલ
**(શરદચંદ્ર આર.પટેલ)**
o/c
**પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરી**
**સુરત મહાનગરપાલિકા.**

---

**નકલ રવાના :–**

ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ જાણ તથા અમલ માટે.
ન.ર. :– અરજદારશ્રી મુકેશભાઈ બી. પટેલ પ્રતિ

# સેક્રેટરી ઓફિસ, સુરત

ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩.
ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૧૪, ૪૨૪, ૨૮૮


નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૩/૮
તા.૧૨–૧–૨૦૨૩

**પ્રથમ અપીલ ક્રમાંકઃ ૨૦૨૩/૨૧**

અરજદાર :–
શ્રી તલ્હા ચાંદીવાલા,

**વિરુધ્ધ**

**સામેવાળાઃ**– જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષયઃ** આર.ટી.આઈ. એક્ટ હેઠળ શ્રી તલ્હા ચાંદીવાલાની તા.૧૪–૧૧–૨૦૨૨ ની અરજી આઈ.ડી.નં.૧૮૩૪ અન્વયે સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતે કરવામાં આવેલ પ્રથમ અપીલ.

**સંદર્ભઃ** અરજદારશ્રીની તા.૨૨–૧૨–૨૦૨૨ ની પ્રથમ અપીલ અરજી

**વંચાણમાં લીધું :–**

૧. અરજદાર શ્રી તલ્હા ચાંદીવાલાની તા.૧૪–૧૧–૨૦૨૨ ની માહિતિનો અધિકાર અધિનિયમ– ૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી. નં.૧૮૩૪ (નમુનો–ક)
૨. એકઝી.આસી. અને જા.મા.અ.શ્રી, નાગરિક સુવિધા કેન્દ્રનો તા.૧૫–૧૧–૨૦૨૨ નો પત્ર નં.સીસીસી.સીઝેડ/ આર.ટી.આઈ./આઉટ–૧૮૩૪ (નમૂનો–ઘ)
૩. જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રીનો તા.૧૮–૧૧–૨૦૨૨ નો પત્ર નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૧૫૬
૪. જા.મા.અ. અને પ્રથમ શ્રેણી કલાર્કશ્રી (રેકર્ડ વિભાગ) નો તા.૦૬–૧૨–૨૦૨૨ નો પત્ર નં.રેકર્ડ/આ.વ.૧૩૧
૫. જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રીનો તા.૦૯–૧૨–૨૦૨૨ નો પત્ર નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૧૫૯ (નમૂનો–ખ)
૬. જા.મા.અ. અને પ્રથમ શ્રેણી કલાર્કશ્રી (રેકર્ડ વિભાગ) નો તા.૧૨–૧૨–૨૦૨૨ નો પત્ર નં.રેકર્ડ/આ.વ.૧૩૨
૭. જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રીનો તા.૧૩–૧૨–૨૦૨૨ નો પત્ર નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૧૬૨ (નમૂનો–ગ)
૮. અરજદાર શ્રી તલ્હા ચાંદીવાલા ધ્વારા તા.૨૨–૧૨–૨૦૨૨ ના રોજ પ્રથમ અપીલ અધિકારી, નાગરીક સુવિધા કેન્દ્ર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત ઉદ્દેશીને કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી.
૯. જા.મા.અ. અને એકઝી.આસી એન્ડ મેજેનરશ્રી નાગરિક સુવિધા કેન્દ્રનો તા.૨૬–૧૨–૨૦૨૨ નો પત્ર નં.સીસીસી./સી.ઝોન/આઉટ/–૮૫૬ (નમૂનો–ઘ)
૧૦. પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીનો તા.૩૦–૧૨–૨૦૨૨ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૨/૩૮

**ફરીયાદની હકીકત :–**

આ કેસની હકીકત એવા પ્રકારની છે કે, આ અરજદાર શ્રી તલ્હા ચાંદીવાલા, તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬(૧) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ–૩ હેઠળ તા.૧૪–૧૧–૨૦૨૨ ના રોજ જાહેર માહિતી અધિકારી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતને ઉદ્દેશીને માહિતી માંગતી અરજી રજુ કરેલ હતી.

સદર અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારીશ્રી, નાગરિક સુવિધા કેન્દ્રને મળ્યેથી તેઓએ તા.૧૫–૧૧–૨૦૨૨ ના પત્ર નં.સીસીસી.સીઝેડ/ આર.ટી.આઈ./ આઉટ–૧૮૩૪ થી આસી.સેક્રેટરી અને જાહેર માહિતી અધિકારીશ્રી, સેક્રટરી વિભાગને નમુનો–ઘ થી તબદીલ કરેલ હતી.

અરજદારશ્રીની અરજીમાં જણાવેલ વિગત ધ્યાને લઈ, જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ તા.૧૩–૧૨–૨૦૨૨ ના રોજ સેક્રેટરી ઓફિસને લાગત અરજીના મુદ્દા નં.૧ થી ૧૦ ની દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી પુરી પાડેલ હતી.

અરજદારશ્રી ધ્વારા તા.૨૨–૧૨–૨૦૨૨ ના રોજ અરજી સંબંધે મુદ્દા નં.૫,૬,૭,૮ અને ૧૦ માં " પોતાના વિભાગની અતિ મહત્વની માહિતી છુપાવી તેઓએ ભ્રષ્ટાચાર આચરેલ હોય તેવુ જણાય છે તેથી બદશય પૂર્વક માહિતી છુપાવેલ છે, અમોને માત્ર હેરાન કરવાના કારણોસર માહિતી આપેલ નથી" વિગેરે કારણો જણાવી પ્રથમ અપીલ અધિકારીશ્રી, નાગરીક સુવિધા કેન્દ્ર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતને ઉદ્દેશીને પ્રથમ અપીલ કરવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી અને એકઝી.આસી. એન્ડ મેનેજરશ્રી, નાગરિક સુવિધા કેન્દ્ર (સેન્ટ્રલ ઝોન), સુ.મ.પા. મારફત નમુનો–ઘ ધ્વારા તા.૨૬–૧૨–૨૦૨૨ ના પત્ર નં.સી.સી.સી./સી.ઝોન/આઉટ/૮૫૬ થી સેક્રેટરી ઓફિસ ખાતે તા.૨૮–૧૨–૨૦૨૨ ના રોજ મળેલ છે.

અરજદારશ્રીની અપીલ અન્વયે પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીએ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૨/૩૮ થી તા.૩૦–૧૨–૨૦૨૨ ના રોજ સવારે ૧૧–૩૦ કલાકે અરજદારશ્રી તલ્હા ચાંદીવાલા તેમજ સામાવાળા જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીને, સેક્રેટરી ઓફિસ ખાતે સુનાવણીમાં રૂબરૂ હાજર રહેવા અને પક્ષ રજુ કરવા જણાવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી તલ્હા ચાંદીવાલા અને જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ ખાતે હાજર રહયા હતા.

સુનાવણી દરમ્યાન સામાવાળા જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ અરજદારશ્રીની અરજી અન્વયે સેક્રેટરી ઓફિસના રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી નિયત સમયમર્યાદામાં પુરી પાડેલ છે તેની સાબિતી સહ વિગતો અરજદાર સમક્ષ રજુ કરેલ હતી. ત્યાર બાદ અરજદારશ્રી સાથે તેમના ધ્વારા માંગવામાં આવેલ માહિતી અન્વયે મુદ્દા નં. ૫, ૬, ૭, ૮ અને ૧૦ ની માહિતીની વિગતવાર ચર્ચા કરી.

સુનાવણી દરમ્યાન અરજદારશ્રી તલ્હા ચાંદીવાલા ધ્વારા માહિતીનું નિરીક્ષણ તેમજ ફાઈલ નોટીંગ કરવા જણાવેલ. આ સંદર્ભમાં જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ જણાવ્યું કે, અરજદારશ્રીએ તેઓની મુળ અરજીમાં વિવિધ મુદ્દાઓના સંદર્ભમાં જે માહિતી માંગેલ છે તે જ માહિતી સેક્રેટરી ઓફિસના ઉપલબ્ધ રેકર્ડ આધારિત આપવાપાત્ર થતી માહિતી પુરી પાડવામાં આવેલ છે જેથી કોઈ નિરીક્ષણ કરવા કે ફાઈલ નોટીંગ કરવાની જરૂરીયાત રહેતી નથી.

ઉપરોકત સમગ્રતયા હકીકત ધ્યાને લેતા સેક્રેટરી ઓફિસે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

**અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, અરજદારશ્રી/સામેવાળાશ્રીએ કરેલ અરજી/રજુઆતો/પુરાવાઓ/દલીલો તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**હુકમ**

**"અરજદારશ્રી તલ્હા ચાંદીવાલાની તા.૧૪–૧૧–૨૦૨૨ ની અરજી (આઈ.ડી.૧૮૩૪) થી માંગવામાં આવેલ માહિતી (આંશિક) જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ તરફથી નિયત સમયમર્યાદામાં પુરી પડાયેલી હોય, તે માહિતી યથાયોગ્ય રાખવામાં આવે છે અને સદર અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."**

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજ્ય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, ૨ જો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખિતમાં અથવા ગુજરાત માહિતી આયોગની વેબસાઈટ http://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન બીજી અપીલ કરી શકવા સ્વતંત્ર છે.

શ.આ.પટેલ

**(શરદચંદ્ર આર.પટેલ)**
**પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરી**
**સુરત મહાનગરપાલિકા.**

---

નકલ રવાના :–

ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ જાણ તથા અમલ માટે.

ન.ર. :– અરજદારશ્રી તલ્હા ચાંદીવાલા પ્રતિ

## સેક્રેટરી ઓફિસ, સુરત

ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩.
ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૧૪, ૪૨૪, ૨૮૮

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૩/૪
તા.૨૦–૧–૨૦૨૩

**પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૨૩/૧**

અરજદાર :–
શ્રી મુકેશભાઈ બી. પટેલ,

**વિરુધ્ધ**

**સામેવાળા:**– જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષય:** આર.ટી.આઈ. એક્ટ હેઠળ શ્રી મુકેશભાઈ બી. પટેલની તા.૨૫–૧૧–૨૦૨૨ ની અરજી આઈ.ડી.નં.૧૯૪૩ અન્વયે સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતે કરવામાં આવેલ પ્રથમ અરજી.

**સંદર્ભ:** અરજદારશ્રીની તા.૩૦–૧૨–૨૦૨૨ ની પ્રથમ અપીલ અરજી

**વંચાણમાં લીધું :–**

૧. અરજદારશ્રી મુકેશભાઈ બી.પટેલની તા.૨૫–૧૧–૨૦૨૨ ની માહિતિનો અધિકાર અધિનિયમ– ૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી. નં.૧૯૪૩ (નમુનો–ક)
૨. એકઝી.આસી. અને જા.મા.અ.શ્રી, નાગરિક સુવિધા કેન્દ્રનો તા.૨૮–૧૧–૨૦૨૨ નો પત્ર નં.સીસીસી.સીઝેડ/ આર.ટી.આઈ./આઉટ–૧૯૪૩ (નમૂનો–ઘ)
૩. જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રીનો તા.૧૩–૧૨–૨૦૨૨ નો પત્ર નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૧૬૧
૪. જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રીનો તા.૨૧–૧૨–૨૦૨૨ નો પત્ર નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૧૬૫ (નમૂનો–ગ)
૫. અરજદાર શ્રી મુકેશભાઈ બી. પટેલ ધ્વારા તા.૩૦–૧૨–૨૦૨૨ ના રોજ પ્રથમ અપીલ અધિકારીશ્રી સેક્રેટરી વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત ઉદ્દેશીને કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી.
૬. જા.મા.અ.શ્રી અને એકઝી.આસી. એન્ડ મેનેજર નાગરિક સુવિધા કેન્દ્ર (સે.ઝોન) નો તા.૨–૧–૨૦૨૩ નો પત્ર નં.સીસીસી./સી.ઝોન/આઉટ/–૮૮૪ (નમૂનો–ઘ)
૭. પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીનો તા.૦૯–૧–૨૦૨૩ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૩/૧

**ફરીયાદની હકીકત :–**

આ કેસની હકીકત એવા પ્રકારની છે કે, આ અરજદાર શ્રી મુકેશભાઈ બી. પટેલ તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬(૧) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ–૩ હેઠળ તા.૨૫–૧૧–૨૦૨૨ ના રોજ મ્યુ.કમિશનરશ્રી સુરત મહાનગરપાલિકા અને સેક્રેટરીશ્રી, સેક્રેટરી વિભાગ, સુરત મહાનગરપાલિકા સુરતને ઉદ્દેશીને માહિતી માંગતી અરજી રજુ કરેલ હતી.

સદર અરજી એકસી.આસી. અને જાહેર માહિતી અધિકારીશ્રી નાગરીક સુવિધા કેન્દ્રને મળ્યેથી તેઓએ તા.૨૮–૧૧–૨૦૨૨ ના પત્ર નં.સીસીસી./સી.ઝોન/આઉટ/–૧૯૪૩ થી જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રટરી વિભાગને નમુનો–ઘ થી તબદીલ કરેલ હતી.

અરજદારશ્રીની અરજીમાં જણાવેલ વિગત ધ્યાને લઈ, જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ તા.૨૧-૧૨-૨૦૨૨ ના રોજ સેક્રેટરી ઓફિસને લાગત અરજીના અનુસંધાનમાં દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી પુરી પાડેલ હતી.

અરજદારશ્રી ધ્વારા તા.૩૦-૧૨-૨૦૨૨ ના રોજ અરજી સંબંધે " જાહેર માહિતી અધિકારીશ્રીએ માહિતી છુપાવીને ભ્રષ્ટાચાર આચરેલ અને ગોળ ગોળ માહિતી આપેલ " વિગેરે કારણો જણાવી પ્રથમ અપીલ અધિકારીશ્રી, સેક્રેટરી વિભાગ, મુગલીસરા, સુરત મહાનગરપાલિકા, સુરતને ઉદ્દેશીને પ્રથમ અપીલ કરવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી અને એકઝી.આસી. એન્ડ મેનેજરશ્રી, નાગરિક સુવિધા કેન્દ્ર (સેન્ટ્રલ ઝોન), સુ.મ.પા. મારફત નમુનો-થ ધ્વારા તા.૨-૧-૨૦૨૩ ના પત્ર નં.સી.સી.સી./સી.ઝોન/આઉટ/૮૮૪ થી સેક્રેટરી ઓફિસ ખાતે મોકલેલ જે તા.૩-૧-૨૦૨૩ ના રોજ મળેલ છે.

સદર અપીલના અનુસંધાનમાં પ્રથમ અપીલ અધિકારી અને ડે. સેક્રેટરશ્રીએ તા.૯-૧-૨૦૨૩ ના પત્ર થી અરજદારશ્રી તેમજ જાહેર માહિતી અધિકાર અને આસી.સેક્રેટરીશ્રીને તા. ૧૨-૧-૨૦૨૩ ના રોજ સવારે ૧૧-૩૦ કલાકે સેક્રેટરીશ્રી ઓફિસ ખાતે અપીલની સુનાવણી બાબતે હાજર રહેવા જણાવેલ.

તા.૧૨-૧-૨૦૨૩ ના રોજ અરજદારશ્રી તેમજ મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રી હાજર રહયા હતા સુનાવણી દરમ્યાન અરજદારશ્રીએ માંગેલ માહિતી આપવાનું જણાવતા મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રીએ જણાવ્યું કે, અરજદારશ્રીની અરજી અન્વયે સેક્રેટરી ઓફિસના રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી નિયત સમયમર્યાદામાં પુરી પાડેલ છે તેની સાબિતી સહ વિગતો અરજદાર સમક્ષ રજુ કરેલ હતી.

અરજદારશ્રીએ દલીલ કરી કે, મેં સેક્રેટરીશ્રીને આપેલ અરજી સેક્રેટરીશ્રીએ મ્યુ.કમિશ્નરશ્રી પ્રતિ મોકલી આપેલ છે પરંતુ સેક્રેટરીશ્રીએ અરજી સંદર્ભે શું કાર્યવાહી કરી તેની માહિતી માંગી હતી. જે અંગે મદદનીશ જાહેર માહિતી અધિકારશ્રીએ જણાવ્યુ કે, અરજદારશ્રીની અરજી સેક્રેટરીશ્રીએ મ્યુ.કમિશ્નરશ્રી પ્રતિ મોકલી આપી હતી જેની નકલ અરજદારશ્રીને આપવામાં આવી છે.

ઉકત સમગ્રતયા હકીકત તથા અરજદારશ્રીની અપીલ અંગે સેક્રેટરી ઓફિસએ વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

## હુકમ

**"અરજદારશ્રી મુકેશભાઈ પટેલની તા.૨૫-૧૧-૨૦૨૨ ની અરજી (આઈ.ડી.૧૯૪૩) થી માંગવામાં આવેલ માહિતી (આંશિક) જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ તરફથી નિયત સમયમર્યાદામાં પુરી પડાયેલી હોય, તે માહિતી યથાયોગ્ય રાખવામાં આવે છે અને સદર અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."**

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, ૨ જો માળ, નિર્માણ ભવનની પાછળ, સેક્ટર-૧૦(એ), ગાંધીનગર-૩૮૨૦૧૦ ને લેખિતમાં અથવા ગુજરાત માહિતી આયોગની વેબસાઈટ http://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન બીજી અપીલ કરી શકવા સ્વતંત્ર છો.

શ.ર.પટેલ

**(શરદચંદ્ર આર.પટેલ)**
**પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરી**
**સુરત મહાનગરપાલિકા.**

---

<u>નકલ રવાના :-</u>

ન.ર. :- જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ જાણ તથા અમલ માટે.
ન.ર. :- અરજદારશ્રી મુકેશભાઈ બી. પટેલ પ્રતિ

સેક્રેટરી ઓફિસ, સુરત
ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩.
ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૧૪, ૪૨૪, ૨૮૮

RIGHT TO INFORMATION

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૩/૬
તા.૨૧–૨–૨૦૨૩

**પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૨૩/૨**

અરજદાર :–
શ્રી બેગ મુસ્તાક હુસેનભાઈ ,

**વિરુધ્ધ**

**સામેવાળા**:– જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષય:** આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી બેગ મુસ્તાક હુસેનભાઈની તા.૨૦–૧૨–૨૦૨૨ ની અરજી આઈ.ડી.નં.૨૦૯૭ અન્વયે સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતે કરવામાં આવેલ પ્રથમ અરજી.

**સંદર્ભ:** અરજદારશ્રીની તા.૨૧–૧–૨૦૨૩ ની પ્રથમ અપીલ અરજી

**વંચાણમાં લીધું :–**

૧. અરજદારશ્રી બુગ મુસ્તાક હુસુનભાઈની તા.૨૦–૧૨–૨૦૨૨ ની માહિતિનો અધિકાર અધિનિયમ– ૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી. નં.૨૦૯૭ (નમુનો–ક)
૨. એકઝી.આસી. અને જા.મા.અ.શ્રી, નાગરિક સુવિધા કેન્દ્રનો તા.૨૨–૧૨–૨૦૨૨ નો પત્ર નં.સીસીસી.સીઝેડ/ આર.ટી.આઈ./આઉટ–૨૦૯૭ (નમૂનો–ઘ)
૩. જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રીનો તા.૨૦–૧–૨૦૨૩ નો પત્ર નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/આઉટ/૨૦૨૩/૮ (નમૂનો–ગ)
૪. અરજદાર શ્રી બેગ મુસ્તાક હુસેનભાઈ ધ્વારા તા.૨૧–૧–૨૦૨૩ ના રોજ પ્રથમ અપીલ અધિકારીશ્રી સેક્રેટરી વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત ઉદ્દેશીને કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી.
૫. જા.મા.અ.શ્રી અને એકઝી.આસી. એન્ડ મેનેજર નાગરિક સુવિધા કેન્દ્ર (સે.ઝોન) નો તા.૨૪–૧–૨૦૨૩ નો પત્ર નં.સીસીસી./સી.ઝોન/આઉટ/૯૩૮– (નમૂનો–ઘ)
૬. પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીનો તા.૩૧–૧–૨૦૨૩ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૩/૫

**ફરીયાદની હકીકત :–**

આ કેસની હકીકત એવા પ્રકારની છે કે, આ અરજદાર શ્રી બેગ મુસ્કતાક હુસેનભાઈ તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬(૧) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ–૩ હેઠળ તા.૨૦–૧૨–૨૦૨૨ ના રોજ વોચ એન્ડ વોચ વિભાગ અને સેક્રેટરી વિભાગ, સુરત મહાનગરપાલિકા સુરતને ઉદ્દેશીને માહિતી માંગતી અરજી રજુ કરેલ હતી.

સદર અરજી એકસી.આસી. અને જાહેર માહિતી અધિકારીશ્રી નાગરીક સુવિધા કેન્દ્રને મળ્યેથી તેઓએ તા.૨૭–૧૨–૨૦૨૨ ના પત્ર નં.સીસીસી./સી.ઝોન/આઉટ/–૨૦૯૭ થી આસી. સેક્રેટરી અને જાહેર માહિતી અધિકારીશ્રી, સેક્રટરી વિભાગને નમુનો–ઘ થી તબદીલ કરેલ હતી.

અરજદારશ્રીની અરજીમાં જણાવેલ વિગત ધ્યાને લઈ, જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ તા.૨૦–૧–૨૦૨૩ ના રોજ સેક્રેટરી ઓફિસને લાગત અરજીના અનુસંધાનમાં કલમ–૧૧ (૧) હેઠળની સ્થાયી સમિતિના સભ્યોની રજુઆત ધ્યાને લઈ તેમજ કલમ–૮ (૧) (ડી), ૮(૧)(ઈ), ૮(૧)(જી), ૮(૧)(જે), અને ૭(૯) મુજબ માહિતી પુરી પાડવા જોગ નથી. એમ જણાવેલ હતું.

અરજદારશ્રી ધ્વારા તા.૨૦–૧૨–૨૦૨૨ ના રોજ અરજી સંબંધે " જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા પોતાની મનમાની કરી, ગેરમાર્ગે દોરવા ખોટી રીતે માહિતી છુપાવવા આરટીઆઈ કલમનો અને પોતાની મળેલ સત્તાનો દુર ઉપયોગ ઈરાદાપુર્વક કરવામાં આવ્યો છે." વિગેરે કારણો જણાવી પ્રથમ અપીલ અધિકારીશ્રી, સેક્રેટરી વિભાગ, મુગલીસરા, સુરત મહાનગરપાલિકા, સુરતને ઉદ્દેશીને પ્રથમ અપીલ કરવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી અને એકઝી.આસી. એન્ડ મેનેજરશ્રી, નાગરિક સુવિધા કેન્દ્ર (સેન્ટ્રલ ઝોન), સુ.મ.પા. મારફત નમુનો–ઘ ધ્વારા તા.૨૪–૧–૨૦૨૩ ના પત્ર નં.સી.સી.સી./સી.ઝોન/આઉટ/૯૩૮ થી સેક્રેટરી ઓફિસ ખાતે મોકલેલ જે તા.૨૫–૧–૨૦૨૩ ના રોજ મળેલ છે.

સદર અપીલના અનુસંધાનમાં પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીએ તા.૩૧–૧–૨૦૨૩ ના પત્ર થી અરજદારશ્રી તેમજ જાહેર માહિતી અધિકાર અને આસી.સેક્રેટરીશ્રીને તા. ૬–૨–૨૦૨૩ ના રોજ સવારે ૧૧–૩૦ કલાકે સેક્રેટરીશ્રી ઓફિસ ખાતે અપીલની સુનાવણી બાબતે હાજર રહેવા જણાવેલ.

તા.૬–૨–૨૦૨૩ ના રોજ સવારે ૧૧–૩૦ કલાકે જાહેર માહિતી અધિકારીશ્રી હાજર રહયા હતા પરંતુ અરજદારશ્રી ગેરહાજર રહયા હતા.આ અંગે અરજદારશ્રીએ ટેલીફોનીક જાણ કરી આ સુનાવણીમાં પોતે (અરજદાર) હાજર રહી શકે એમ નથી જેથી બીજો યોગ્ય અનુકુળ સમય અને તારીખ ફાળવી આપવા વિનંતી કરેલ. ત્યાર બાદ અરજદારશ્રીને સુનાવણી માટે ટેલીફોન ધ્વારા જાણ કરતા તેઓને માંગેલ માહિતી મળે તે માટે સુનાવણી રાખવા ફરી યોગ્ય સમય અને તારીખ આપવા વિનંતી કરેલ જે સંદર્ભે છેવટે તા. ૨૧–૨–૨૦૨૩ ના રોજ ટેલીફોન કરવા છતાં ફોન ઉપાડેલ નથી.

ઉકત સમગ્રતયા હકીકત તથા અરજદારશ્રીની અપીલ અંગે સેક્રેટરી ઓફિસએ વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

## હુકમ

"અરજદારશ્રી બેગ મુસ્તાક હુસેનભાઈ ની તા.૨૦–૧૨–૨૦૨૨ ની અરજી (આઈ.ડી.૧૯૪૩) થી માંગવામાં આવેલ માહિતી (આંશિક) જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ તરફથી કલમ–૧૧ (૧) હેઠળની સ્થાયી સમિતિના સભ્યોની રજૂઆત ધ્યાને લઈ તેમજ કલમ–૮ (૧) (ડી), ૮(૧)(ઈ), ૮(૧)(જી), ૮(૧) (જે), અને ૭ (૯) મુજબ માહિતી પુરી પાડવા જોગ નથી. તે યથાયોગ્ય રાખવામાં આવે છે અને સદર અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, ૨ જો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખિતમાં અથવા ગુજરાત માહિતી આયોગની વેબસાઈટ http://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન બીજી અપીલ કરી શકવા સ્વતંત્ર છો.

૨૧.૫.૫૦૭

(શરદચંદ્ર આર.પટેલ)
પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરી
સુરત મહાનગરપાલિકા.

---

નકલ રવાના :–

ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ જાણ તથા અમલ માટે.

ન.ર. :– અરજદારશ્રી બેગ મુસ્તાક હુસેનભાઈ પ્રતિ